**સુવિચાર**

જે માણસ રજા વેડફી નાખે, તે જીવન જાળવી શકે એવો ભ્રમ સેવવા જેવો નથી !

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૭/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ શ્રાવણ સુદ–૧ વર્ષ : ૧૬ અંક : ૧૯૨

## અમરેલી જિલ્લાનાં શિવાલયોમાં રોશનીનો ઝગમગાટ કરવામાં આવ્યો

# હર હર મહાદેવ : આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ

**આજથી સતત એક મહિના સુધી શિવભકતો ભગવાન ભોળાનાથને રીઝવવા અને કૃપા મેળવવા પ્રયાસ કરશે**

**બિલ્વીપત્ર, જલાભિષેક, દુધાભિષેક સાથે મહાદેવની પૂજા–અર્ચના કરશે**

**જિલ્લાનાં સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ મંદિરમાં રોશનીનો અનેરો ઝગમગાટ જોવા મળી રહ્યો છે**

**કામનાથ, ભીડભંજન, જીવન મુકતેશ્વર સહિત જિલ્લાભરનાં શિવાલયોમાં જનમેદની ઉમટશે**



અમરેલી, તા. ૨૪
અમરેલી જિલ્લામાં આવતીકાલથી પ્રારંભ થતાં પવિત્ર શ્રાવણ માસને લઈને શિવભકતોમાં આસ્થાનાં ઘોડાપુર જોવા મળી રહ્યા છે. જિલ્લાનાં તમામ શિવાલયોમાં વ્હેલી સવારથી શિવભકતો ધ્વારા ભગવાન ભોળાનાથને રીઝવવા અને મહાદેવની કૃપા મેળવવા માટે જલાભિષેક, દુધાભિષેક, બિલ્વીપત્ર ધ્વારા પૂજા–અર્ચના કરવામાં આવશે.

અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સુપ્રસિધ્ધ નાગનાથ મહાદેવ મંદિરને નવોઢાની જેમ શણગાર કરવામાં આવેલ છે અને દરરોજ હજારોની સંખ્યામાં શિવભકતો દર્શનાર્થે પધારવાનાં હોવાથી મંદિરની સફાઈ સહિતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

તદુઉપરાંત શહેરનાં કામનાથ, ભીડભંજન, જીવન મુકેતશ્વર, સુખનાથ સહિતનાં શિવાલયોમાં પણ શિવભકતો ધ્વારા ભગવાનશિવની પૂજા–અર્ચના કરવામાં આવશે તેમજ સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, ધારી, ચલાલા, બગસરા, બાબરા, દામનગર,લાઠી, લીલીયા સહિતનાં શહેરો તેમજ ગ્રામ્યવિસ્તારનાં શિવાયલોમાં પણ શિવભકતો પૂજા–અર્ચના કરી ભગવાન ભોળાનાથની કૃપા મેળવશે.

સતત એક મહિના સુધી ભગવાન ભોળાનાથની આરાધના કરવામાં આવશે. તો પવિત્ર શ્રાવણ માસમાં દરેક સોમવારે પણ શિવભકતો વિશેષ પૂજા–અર્ચના કરી ધન્યતા અનુભવશે.

## યમદૂત બનીને ફરતા અખલાઓની સમસ્યા સામે તંત્ર મુકપ્રેક્ષક

# ભયંકર યુધ્ધ : જાફરાબાદનાં જાહેર માર્ગ ઉપર આખલાઓ વચ્ચે લડાઈમાં એક મહિલા ઈજાગ્રસ્ત

**વિશાળ વહીવટી તંત્ર રખડતા પશુઓને સુરક્ષિત કરી શકતુ નથી**



જાફરાબાદ, તા. ૨૪
જાફરાબાદ પાલિકાની બાજુમાં આવેલ બકાલા માર્કેટમાં આખલા દ્વારા મહિલાને માથું મારતાં મહિલા નીચે પટકાતા હાથના ભાગે ગંભીર ઈજાગ્રસ્ત થતાં રાજુલા પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ ત્યાં ડોક્ટર દ્વારા મહિલા ના હાથમાં ફેક્ચર આવતા દાખલ કરવામાં આવેલ

**અનુસંધાન પાના ૬ ઉપર**







**અમરેલીના જુના માર્કેટયાર્ડમાં**

**દુકાન વેચવાની છે...**

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.

:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪






## અમરેલીનાં અમરાપુરનાં ખેડૂતે ૧૫ વર્ષ જુના અને વાર્ષિક ૨૫ લાખનું ટર્ન ઓવર ધરાવતાં

# એગ્રો બિઝનેસને ''ઝેરમુકત કૃષિ'' માટે આપી તિલાંજલિ

દેશદાઝ અને પરિવારમાં બીમારીએ ખેડૂત ઘનશ્યામભાઈને પ્રાકૃતિક કૃષિ તરફ વાળ્યા

નક્કી કર્યુ કે રસાયણયુકત ખાવુ નથી, લોકોને ખવડાવવું પણ નથી

રોટલો અન્ય રીતે રળી લેવાની પ્રતિબધ્ધતા સાથે પ્રાકૃતિક કૃષિ તરફ ગયા

પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદનો પાકે તે પહેલા જ ખરીદી એડવાન્સમાં બુક થઈ જાય છે

આલેખન : રોહિત ઉસદડ







અમરેલી, તા. ૨૪

અમરેલીના અમરાપુર ગામના ખેડૂત ઘનશ્યામભાઈ રાજપરા દેશદાઝને વરેલા છે. તે કૃષિ ક્ષેત્રે સતત નવું કરવા માટે મથામણ તો કરી જ રહ્યા હોય છે, ત્યારે પરિવારમાં આવેલી એક બીમારી તેમને ઢંઢોળી મૂકે છે.

પંદરેક વર્ષ સુધી એગ્રો એટલે કે, રાસાયણિક દવા અને ખાતર વેચાણનો ધીકતો ધંધો કરી રહ્યા હોય છે, જેવો તેવો પણ નહિ વર્ષે રૂા. ૨૫ લાખનું ટર્ન ઓવર પણ ખરૂં. પણ મનોમન તેમણે સંકલ્પ કર્યો હતો કે, ઝેરવાળું–રસાયણયુકત ખાવું નથી, લોકોને ખવડાવવું પણ નથી, રોટલો તો ગમે ત્યાંથી રળી લેશું.

ખેતીમાં કંઈક નવું કરવા માટે તરવરાટ ધરાવતા ઘનશ્યામભાઈ રાજપરા રાસાયણિક દવા અને ખાતરના ધંધાને પડતો મૂકી પ્રાકૃતિક કૃષિ શરૂ કરવા માટે ઘણી રઝળપાટ પણ કરે છે, અનેક શિબિર અને તાલીમમાં ભાગ પણ લે છે. આ દરમિયાન વર્ષ ૨૦૧૬–૧૭માં ૨૦ વીઘા જમીનમાં પ્રાકૃતિક કૃષિ શરૂ કરે છે. આજે તો પ્રાકૃતિક કૃષિમાં તેમની મહારત છે, તેમનાથી પ્રેરિત થઈને પણ ખેડૂતો પ્રાકૃતિક કૃષિમાં જોડાયા છે.

ઘનશ્યામભાઈ રાજપરા કહે છે કે, પ્રાકૃતિક કૃષિ શરૂ કરી ત્યારે લોકો તેને પાગલપણું ગણતા હતા, લોકો તો ત્યાં સુધી કહેતા કે, હું તો જમીન વેંચીશ. પરંતુ આજે ખેડૂતો મારી વાત સાંભળતા થયા છે, ઘણા ખેડૂતો એમ પણ કહેતા થયા છે કે, પ્રાકૃતિક કૃષિ વિના ઉદ્ધાર નથી. એક સમયે ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ અનિવાર્ય બની જશે.

તેઓ કહે છે કે, રાસાયણિક ખેતીથી નાગરિકોના અને જમીનના સ્વાસ્થ્ય પર વિપરિત અસર થઈ રહી છે. નાગરિકો ગંભીર રોગમાં સપડાયા છે. ત્યારે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનનો જ જનઆરોગ્ય માટે એક વિકલ્પ તરીકે બચશે.

તેમણે કહ્યુ કે, આજે એક વર્ગમાં ચોક્કસથી ઝેરમુકત અને આરોગ્યપ્રદ ખોરાક લેવાની જનજાગૃત્તિ આવી છે. તેના પરિણામે પ્રાકૃતિક ઢબે પકવેલા કૃષિ ઉત્પાદનોની માંગ પણ સતત વધી રહી છે. મારા કૃષિ પાકો ખેતરમાં જ ઉભા હોય ત્યાં જ તેની લોકો ખરીદી કરી લે છે. આમ, એડવાન્સમાં જ કૃષિ ઉત્પાદનોના વેચાણ બુક થઈ જાય છે.

ઘનશ્યામભાઈ રાજપરા ૨૦ વીઘા જમીનમાં કપાસ, મગફળી, મગ, અડદ, ચણા, તુવેર, ધાણા, હળદર, મરચી વગેરે પાકોની ખેતી કરી રહ્યા છે. તેનું વેલ્યુ એડિસન એટલે કે મૂલ્યવર્ધન–પેકિંગ કરીને વેચાણ કરે છે અને બજાર કરતા આ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોનો ભાવ પણ ૨૫ થી ૩૦ ટકા જેટલો વધુ મળે છે, તેમ પણ તેમણે કહ્યુ હતુ.

તેમણે પ્રાકૃતિક કૃષિના અભિયાનને તેજીથી આગળ વધારવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને ગુજરાત સરકારનો આભાર વ્યકત કરતા કહે છે કે, ગુજરાત પ્રાકૃતિક કૃષિ બોર્ડ પણ પ્રાકૃતિક કૃષિના અભિયાનને આગળ ધપાવી રહ્યું છે, જિલ્લા કક્ષાએ આત્મા પ્રોજેકટના અધિકારીઓ સતત જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના વ્યાપ વધારવા અને ખેડૂતોને સતત માર્ગદર્શન મળી રહે તે માટે ફાર્મ વિઝીટ કરવાની સાથે તાલીમ પણ યોજે છે. જેથી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત થઈ રહ્યા છે.

## લગ્નનાં ૧૫ દિવસ બાદ મેણા–ટોણા શરૂ થયા

# અમરેલીનાં ચાડીયા ગામનાં સાસરીયા દ્વારા જેશીંગપરાની મહિલાને અનહદ ત્રાસ

### પરિણીતાની ફરિયાદ નોંધાતા તપાસ શરૂ

અમરેલી, તા. ૨૪

હાલ અમરેલી જેસીંગપરા, રામપરા શેરી નં. ૨માં માવતરના ઘરે છેલ્લા પાંચેક મહિનાથી રહેતી આશિતાબેન રોહિતભાઈ સાવલીયા (ઉ.વ. ૨૪) અમરેલીના ચાડિયા ગામે રહેતા પતિ રોહીત મુકુંદભાઈ સાવલીયા, સસરા મુકુંદભાઈ પોપટભાઈ સાવલીયા, સાસુ દમયંતિબેન, નણંદ જાનવીબેન સામે અમરેલી મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારા લગ્ન ૨૮/૧/૨૪ના જ્ઞાતિના રીત રિવાજ મુજબ રોહીત સાવલીયા સાથે થયા હતા અને સંયુકત કુટુંબમાં રહેતા હતા. લગ્નના ૧૫ દિવસ સુધી મને સારી રીતે રાખી હતી. બાદમાં પતિ, સાસુ, સસરા અને નણંદ મને અવારનવાર કહેતા કે, તું તારા પિતાના ઘરેથી કોઈ કિંમતી કરિયાવર લાવી નથી. સાસુ કહેતા કે, તું કાંઈ કામ કાજ કરતી નથી અને અવારનવાર ઝઘડા કરતા હતા. ત્યારબાદ હું મારા પતિ અને નણંદ અમે અમદાવાદના નિકોલમાં ભાડાનું મકાન રાખી રહેવા માટે ગયા હતા. ત્યાં પણ પતિ અને નણંદ ઘર કંકાસ કરી ઝઘડો કરતા હતા અને મને ઢીકાપાટુનો માર માર્યો હતો. પતિ મારા પિતાના ઘરેથી પૈસા લાવવાનું કહેતા આથી મેં બે વાર પિતા પાસેથી પૈસા લઈને આપ્યા હતા. બાદમાં સાસુ, સસરા અમદાવાદ આવતા ત્યારે મારા વિરૂધ્ધ પતિને ચડામણી કરતા હોવાથી પતિ ઝઘડો કરતા હતા. મારા પતિ કહેતા કે તારે અમરેલી તારા પિતાના ઘરે જતું રહેવું હોય તો જતી રહે પરંતુ મારે લગ્ન જીવન બગાડવું ન હોવાથી હું બધું સહન કરતી હતી.

તા. ૧૨/૨ ના હું ઘરે હતી ત્યારે પતિ જમવા આવ્યા ત્યારે કોઈ કારણ વગર ઝઘડો કરી અને તને કાંઈ ઘરકામ આવડતું નથી તું તારા પિતાના ઘરે જતી રહે પાછી આવીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા ડરીને હું પહેરેલા કપડે ઘરેથી નીકળી ગઈ હતી. આમ લગ્ન જીવનના થોડા દિવસોમાં જ પતિ, સાસુ, સસરા અને નણંદ ત્રાસ આપતા હતા. પોલીસે પરિણીતાની ફરિયાદના આધારે ત્રણેય સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ખાંભા : હાથીયા ડુંગર ખાતે આવેલ વાડીમાં પંપની ચોરી

અમરેલી, તા. ૨૪

ખાંભા ગામે મીતીયાળા રોડ ઉપર રહેતા અને ખેતી કામ કરતાં દિનેશભાઈ સુરાભાઈ પરમાર નામના ૫૬ વર્ષિય ખેડૂતની હાથીયા ડુંગર પાસે આવેલ સીમમાં મનુભાઈ રૂડાભાઈ આંબલીયાની ચાર વીઘા જમીન રાખેલ હોય. જે વાડીએથી ગત તા. ૨૨ ના રોજ દવા છાંટવાનો પંપ કિંમત રૂપિયા ૨૫૦૦ તથા પાવડો કિંમત રૂા. ૫૦૦ તથા પાણીના પાઈપનો ફૂવારો કિંમત રૂપિયા ૫૦૦ તથા ચારેક દાતડીયુ કિંમત રૂા. ૬૦૦ મળી કુલ રૂપિયા ૪૧૦૦ ની ખેતીવાડીની ચીજવસ્તુઓ કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# દશામાના વ્રતનો આસ્થાભેર પ્રારંભ



આજથી દશામાના વ્રતનો પ્રારંભ. આજથી દશામાનું વ્રત કરનાર ભાવિકો ધ્વારા દશામાના વ્રત નિમિતે વહેલી સવારે સ્નાનાદિ કરી ફળ, ફુલ, પુજા સામગ્રી સાથે ભગવાન ભોળાનાથના ચરણોમાં સમર્પિત મંગલ કામનાની પાર્થના સાથે વ્રતનો પ્રારંભ કરવામાં આવે છે. પ્રસ્તુત તસ્વીરમાં દશામાના વ્રત ધારણ કરનાર વ્રતધારી આજરોજ ભગવાન ભોળાનાથના દર્શને આવતા જોવા મળેલ. આમ તો આ વ્રત દસ દિવસનું હોય છે અને આ વ્રત દરમિયાન દિવસ દરમિયાન એક ટંક ભોજન ગ્રહણ કરવાનું હોય છે. પૂર્ણ શ્રધ્ધા ભાવ અને ભકિતભાવ સાથે કરવામાં આવતું આ વ્રત હમેશા ફળદાયી હોય છે. એવું ભાવિકો દ્રઢ પણે માને છે.

## હિન્દુ સેના દ્વારા જિલ્લા કલેકટરને આવેનદપત્ર પાઠવાયુ

# અમરેલીમાં પવિત્ર શ્રાવણ માસમાં માંસનાં વેચાણ ઉપર સંપૂર્ણ પ્રતિબંધની માંગ

### સનાતનધર્મની આસ્થાને લઈને નિર્ણય કરવા માંગ





અમરેલી, તા. ૨૪

સનાતન હિન્દુ ધર્મના પવિત્ર આરાધ્ય ભક્તિ આરાધ્યાના શ્રાવણ માસમાં અમરેલી શહેર અને જિલ્લામાં માંસ વેચાણ પર સદ્દતંર સખ્તાઈથી પ્રતિબંધ મુકવામાં આવે તેવી માંગણી સાથે આજે અમરેલી હિન્દુ સેનાના પ્રમુખ રવિરાજભાઈ શેખવાની આગેવાનીમાં અમરેલીના કલેકટરને એક આવેદનપત્ર પાઠવવામાં આવેલ હતું.

આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, ભારતીય સનાતન હિન્દુ ધર્મના પવિત્ર આરાધ્ય ભગવાન શિવજીના ભક્તિ આરાધ્ય પૂજન શ્રવણ અર્ચનનો માસ શ્રાવણ માસમાં અમરેલી શહેર અને જિલ્લામાં માંસ વેચાણ પર સદ્દતંર સખ્તાઈથી પ્રતિબંધ મુકવામાં આવે તેવી આવેદનપત્રમાં માંગ કરવામાં આવેલ હતી.

## એડવોકેટ વનરાજભાઈ વાળાની દલીલો સફળ

# ખાંભાનાં બાયોડીઝલનો જથ્થો ઝડપાવવાનાં ગુન્હામાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

### સ્થાનિક કોર્ટમાં કેસ ચાલી જતાં નિર્દોષ છોડી મુકાયા



અમરેલી, તા. ૨૪

ખાંભા પોલીસ સ્ટેશનનાં ગુનારજીસ્ટાર નંબર ૪૦૦૫૯/૨૦૨૪ તા. ૮/૩/૨૪નાં રોજ આઈપીસી એકટની કલમ ૨૭૮, ૨૮૫, ૧૧૪ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારાની કલમ ૩, ૭ મુજબનો ગુન્હો નોંધાયેલ હતો. આ ગુન્હાના કામે અરજણભાઈ દેવાભાઈ કોડીયાતરને મુદામાલ સાથે ધરપકડ કરેલ હતી. ત્યારબાદ જયવિરભાઈ ઉર્ફે જયુભાઈ ધાધલ તથા દિલાવરભાઈ ચૌહાણની પાછળથી ધરપકડ કરેલ હતી. આ ગુન્હાના કામે સ્વરાજ કંપનીનું મઝદા વાહન તથા મુદામાલ બાયોડીઝલ ન હોવા છતાં પોલીસે બાયોડીઝલ હોવાનું માનીને પંચનામાની વિગતે કબ્જે લીધેલ હતુ અને મુદામાલનાં સેમ્પલ એફએસએલ ગાંધીનગરમાં પરીક્ષણ માટે મોકલવામાં આવેલ હતું. આ કામે પંચનામુ નાયબ પોલીસ અધિક્ષક–સવારકુંડલા રૂબરૂ કરેલ હતું. ત્યારબાદ કબ્જે કરેલ મુદામાલ કોર્ટે વચગાળાના જામીન પર મુકત કરેલ હતું. તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાના કામે તપાસ પૂર્ણ થતાં ચાર્જશીટ ખાંભા કોર્ટમાં રજુ કરતા જેનો ફો. કેસ નં. ૩૦૧/૨૦૨૪થી દાખલ થયેલ અને આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામું ફરમાવવામાં આવેલ હતું. ઉપરોકત કેસ મહે. શ્રી ખાંભાનાં જયુ. મેજી. (ફ.ક.) જજ સાહેબ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ અને ફરિયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબિત કરવા માટે ઘણા મૌખિક તથા લેખિત પુરાવાઓ રજુ કરવામાં આવેલ તેમજ આ કામે એફએસએલ રીપોર્ટ તથા પીએસઆઈ ફરિયાદી તથા પોલીસ સાહેદો તથા પંચો અને તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની પણ ટ્રાયલ દરમિયાન લેવામાં આવેલ હતી. તેમ છતાં આ કામના ફરિયાદી પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હતા. આ કામના ત્રણેય આરોપીઓ તર્ફે ધારીનાં સીનીયર એડવોકેટ વનરાજભાઈ વાળાની દલીલો તથા રજુ કરેલા પુરાવાઓને ધ્યાને લઈને ખાંભાના જયુ. મેજી. (ફ.ક.) જજશ્રી એમ.એ. મલેક ધ્વારા નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

# દામનગર ખાતે પાલખી યાત્રાને લઈને બેઠક યોજાઈ



તસ્વીર : નટુભાઈ ભાતીયા–દામનગર



દામનગર, તા. ૨૪

દામનગર સમસ્ત શહેર આયોજિત પાલખીયાત્રા અંગે બેઠક મળી શિવ અનુષ્ઠાન પવિત્ર શ્રાવણ માસના દર વર્ષે બીજા સોમવારે વેજનાથ મહાદેવ મંદિરથી પ્રસ્થાન થઈ કુંભનાથ મહાદેવ મંદિર જતી હરહર મહાદેવના ગગનભેદી નાદ સાથે યોજાતી ભવ્ય શિવજીની પાલખીયાત્રાના અયોજનને લઈ શહેરના રામજી મંદિર ખાતે મીટીંગ યોજાય શ્રાવણ માસના બીજા સોમવારે યોજાતી પાલખી યાત્રાના સુશોભન રૂટ વ્યવસ્થા પ્રસાદ સહિતના આયોજન માટે કુંભનાથ મહાદેવ સેવક સમુદાય યોજાયેલ મીટીંગમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી કુંભનાથ મહાદેવ એવમ વેજનાથ મહાદેવ સેવક સમુદાય વિવિધ સામાજિક સ્વૈચ્છિક ધાર્મિક સંસ્થાઓના અગ્રણી પૂજારીઓ વેપારીઓની ઉપસ્થિતિ યોજાયેલ બેઠકમાં તા. ૪/૮/૨૫ને શ્રાવણ માસના બીજા સોમવારે બપોર પછી પાલખી યાત્રા યોજાશે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન સતાસિયાની માંગ

# બગસરાથી માતાના મઢનો રૂટ શરૂ કરી અને અમરેલી–સુરતને વિદ્યાનગર ચલાવો

### વિભાગીય નિયામકને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૨૪

બગસરા માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન કાંતિલાલ સતાસિયાએ એસ.ટી.નાં વિભાગીય નિયામકને પત્ર પાઠવીને બગસરાથી કચ્છ ખાતે આવેલ માતાનાં મઢ સુધી નવી બસ સેવા શરૂ કરવા માંગ કરેલ છે.

વધુમાં બગસરાથી સવારે ૭ વાગે ઉપડતી બગસરા–સુરત બસને વિદ્યાર્થીઓનાં હિતમાં વાયા વિદ્યાનગર ચલાવવાની માંગ કરેલ છે.

### આજથી શ્રાવણ માસનો પ્રારંભ

# સોમનાથ મંદિરે ભાવિક ભક્તો માટે કરાઈ ખાસ વ્યવસ્થા

## સોમનાથમાં ભજન ભોજન અને ભક્તિનો ૩૦ દિવસીય મહોત્સવ યોજાશે : હર હર ભોલે જય સોમનાથ નાદ ગુંજશે

સોમનાથ, તા.૨૪

શ્રાવણનો પ્રારંભ પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધીદેવ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રાવણ રુપી ૩૦ દિવસીય શીવોત્સવનો પ્રારંભ તા.૨૫/૦૮/૨૦૨૫-શુક્રવાર થશે અને પૂર્ણાહુતી તા.૨૩/૦૮/૨૦૨૫ શ્રાવણ વદ અમાસના રોજ થશે. ત્યારે સોમનાથ ભજન ભોજન અને ભક્તિનું સંગમ કેન્દ્ર બનશે. દેશ વિદેશના શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શન કરી ભોળાનાથ શિવજીના જાપમાં લીન થશે. ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આવનાર પ્રત્યેક શ્રદ્ધાળુને પ્રેમ પૂર્ણ આતિથ્ય મળે તેના માટે બહુસ્તરીય વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે. શ્રાવણમાં ભક્તો ચાર સોમવાર, અગીયારસ, રક્ષાબંધન, સાતમ-આઠમ, જન્માષ્ટમી, માસિક શિવરાત્રિ, અમાસ સહિતના દિવસોમાં આવનાર માનવ મહેરામણ ના સ્વાગત માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી છે. યાત્રી સુવિધાઓ-પૂજન તેમજ આરાધ્ય દેવ સોમનાથ મહાદેવના દર્શન જન-જન ને સુંદર રીતે થાય તેવુ આગવુ આયોજન કરવામાં આવ્યુ છે.

પ્રતિ વર્ષ શ્રાવણ માસ દરમિયાન ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુ સોમનાથ મહાદેવના દર્શને પધારતા હોય છે. અને દર વર્ષે યાત્રીઓની સંખ્યામાં વૃદ્ધિ જોઈને આ વર્ષે ભૂતકાળના તમામ શ્રાવણ કરતા વધુ શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવના દર્શને પધારવાનો અંદાજો લગાવાઈ રહ્યો છે. ત્યારે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રાવણ માસને લઈને વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. વધારે માત્રામાં આવનારી યાત્રીઓ માટે રહેવા, ભોજન અને દર્શનની ઉત્તમ વ્યવસ્થા થાય તેના માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા તમામ વિભાગોમાં માઈક્રો મેનેજમેન્ટ કરી સુચારુ વ્યવસ્થાઓ ઉભી કરી છે, શ્રાવણ માસ માટે વધારાની સાધન સામગ્રી સાથે વધુ સ્ટાફ મંદિરમાં ફરજ પર મૂકવામાં આવ્યો છે. શ્રી સોમનાથ મંદિર દરવર્ષની જેમ આ વર્ષે પણ સોમવાર તથા તહેવારોના દિવસોએ સવારના ૪-૦૦ વાગ્યે ખોલવામાં આવશે.

વૃદ્ધો અશક્ત યાત્રીકો, દિવ્યાંગો માટે પાર્કિંગ ખાતેથી શ્રી સોમનાથ મંદિર સુધી પહોચવા નિઃશુલ્ક વાહન વ્યવસ્થા ગોઠવવામાં આવશે. શ્રી સોમનાથ મંદિર પરિસરના અપ્રોચ એરિયામાં ટ્રસ્ટ દ્વારા સ્વાગત કક્ષ ની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મોટા અક્ષરે સ્વાગત કક્ષ લખેલા સફેદ ટેન્ટમાં વૃદ્ધો તેમ દિવ્યાંગો માટે વ્હીલ ચેર, મંદિરમાં ચાલનારી ગોલ્ફ કાર્ટ માટે સીનીયર સીટીઝન અને દિવ્યાંગો માટે નિશુલ્ક ૦? ટિકિટ તેમજ વિશેષ જરૂરિયાત હોય તેવા યાત્રીઓ માટે સહાયક ગોઠવવામાં આવ્યા છે. વૃદ્ધો અને દિવ્યાંગોને દર્શનમાં સૌપ્રથમ પ્રાથમિકતા આપવામાં આવશે.

શ્રી સોમનાથ મંદિરમાં સૌથી ઉત્કૃષ્ટ યાત્રી અનુભવ આપવા મંદિર પરિસરમાં સંકીર્તન ભવન ખાતે વિશેષ પૂજન વ્યવસ્થા માટે માળખું ઊભું કરવામાં આવ્યું છે. વધારાનો સ્ટાફ, સુપરવાઈઝરો, પંડિતજી સહિતની ટીમ દ્વારા અહી ધ્વજા પૂજા, પાઘ પૂજા, માર્કંડેય પૂજા, કાલસર્પયોગ નિવારણ પૂજા, રુદ્રાભિષેક પાઠ, સંકલ્પ, સહિતની પૂજન વ્યવસ્થા કરવામાં આવશે. અહીં જ યાત્રી વિશેષ કાઉન્ટર પર પૂજા નોંધાવી પણ શકશે. પોતે કરાવેલ પૂજાનો પ્રસાદ પણ અહીં જ પૂજા નોંધાવનાર ભક્તોને પહોંચાડવામાં આવશે. પૂજા માટે સંકીર્તન ભવન વન સ્ટોપ સોલ્યુશન બનશે.

### ટીમ ઈન્ડિયા ૩૫૮ રનમાં ઓલઆઉટ

# પંતે અડધી સદી ફટકારી; બેન સ્ટોક્સની પાંચ વિકેટ

## માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ભારત તરફથી યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન અને પંતે અડધી સદી ફટકારી

માન્ચેસ્ટર, તા.૨૪

માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે રમાઈ રહેલી ચોથી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાએ પ્રથમ ઈનિંગમાં ૩૫૮ રન બનાવ્યા હતા. બીજા દિવસે ભારત તરફથી ઋષભ પંત ઘાયલ હાલતમાં બેટિંગ કરવા ઉતર્યો હતો. ગઈકાલે (બુધવારે) તે ૩૭ રન બનાવીને રિટાયર્ડ હર્ટ થયો હતો. ઋષભ પંત લંગડાતો રહ્યો અને ઈંગ્લેન્ડના બોલરોનો સામનો કરતો રહ્યો. પંતે ૭૫ બોલમાં ૫૪ રનની ઈનિંગ રમી. આ દરમિયાન તેના બેટમાંથી ૩ ચોગ્ગા અને ૨ છગ્ગા નીકળ્યા. પંત ઉપરાંત, સાઈ સુદર્શને ૬૧ અને યશસ્વી જયસ્વાલે ૫૮ રન બનાવ્યા. ઈંગ્લેન્ડ તરફથી કેપ્ટન બેન સ્ટોક્સે ૫ વિકેટ લીધી.

ઋષભ પંતે તૂટેલા અંગૂઠા સાથે અડધી સદી ફટકારીને ઈતિહાસ રચ્યો છે. તે હવે ઈંગ્લેન્ડમાં સૌથી વધુ વખત ૫૦ થી વધુ સ્કોર બનાવનાર ભારતીય વિકેટકીપર બની ગયો છે. આ તેનો ઈંગ્લેન્ડમાં પાંચમો પચાસ થી વધુ સ્કોર હતો. પંતે એમએસ ધોની અને ફારૂક એન્જિનિયરને પાછળ છોડી દીધા છે. ધોની અને ફારૂકે ચાર વખત ૫૦થી વધુ સ્કોર કર્યા હતા.

ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા આવેલી ટીમ ઈન્ડિયાની ચોથી ટેસ્ટમાં સારી શરૂઆત હતી. કેએલ રાહુલ અને યશસ્વી જયસ્વાલે પ્રથમ વિકેટ માટે ૯૪ રનની ભાગીદારી કરી હતી. કેએલ રાહુલ ૯૮ બોલમાં૪ ચોગ્ગાની મદદથી ૪૬ રન બનાવીને આઉટ થયો હતો. ત્યારબાદ ત્રીજા નંબરે આવેલા સાઈ સુદર્શને પણ અડધી સદી ફટકારી હતી અને યશસ્વી જયસ્વાલે પણ અડધી સદી ફટકારી હતી.

જયસ્વાલે ૧૦૭બોલમાં૫૮ રનની ઈનિંગ રમી હતી. તેના બેટમાંથી ૧૦ચોગ્ગા અને એક છગ્ગો નીકળ્યો હતો. સાઈ સુદર્શને ૧૫૧ બોલમાં ૭ ચોગ્ગાની મદદથી ૬૧ રન બનાવ્યા. ટેસ્ટ ક્રિકેટમાં આ તેમની પહેલી અડધી સદી હતી. બીજી તરફ, કેપ્ટન શુભમન ગિલનું બેટ શાંત રહ્યું. તે ફક્ત ૧૨ રન જ બનાવી શક્યો.

પહેલા દિવસે ૩૭ રન પર ઘાયલ થયેલા ઋષભ પંતે ૭૫ બોલમાં ૫૪ રનની ઈનિંગ રમી. રવિન્દ્ર જાડેજાએ ૨૦ રન બનાવ્યા. શાર્દુલ ઠાકુરે ૪૧ અને વોશિંગ્ટન સુંદરે ૨૭ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. અંશુલ કંબોજ ૦ અને જસપ્રીત બુમરાહ ચાર રન બનાવીને આઉટ થયો. ઈંગ્લેન્ડ તરફથી કેપ્ટન બેન સ્ટોક્સે ૭૨ રનમાં પાંચ વિકેટ લીધી. તે જ સમયે, જોફ્રા આર્ચરે ૭૩ રનમાં ૩ ભારતીય બેટ્સમેનોને આઉટ કર્યા હતા. આ ઉપરાંત, લિયામ ડોસન અને ક્રિસ વોકસે એક-એક વિકેટ લીધી.

# મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ અન્વયે જિલ્લાકક્ષા સ્થાનિક સમિતિની બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૪

કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી થતી હોય તો તેના સામે રક્ષણ મળી રહે તે માટે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ–૨૦૧૩ અમલી છે. આ અધિનિયમ હેઠળ જિલ્લા કક્ષાએ સ્થાનિક સમિતિ અમલીકરણ કરે છે.

કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી સ્થાનિક સમિતિ અમલીકરણ બેઠક અમરેલી જિલ્લા મહિલા અને બાળ કચેરી દ્વારા યોજવામાં આવી હતી.

મહિલાઓની જાતીય સતામણી લગત કાયદાકીય જોગવાઈઓ, જિલ્લામાં હાલની સ્થિતિએ કુલ કેટલી કચેરીઓ દ્વારા આંતરિક ફરિયાદ સમિતિ બનાવવામાં આવી છે? વિવિધ કેસમાં કોર્ટના ચૂકાદાઓ સહિતના વિષયો પર ચર્ચા આ બેઠકમાં કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, તા.૩૧/૩/૨૦૨૫ની સ્થિતિએ સ્થાનિક સમિતિની સમક્ષ ફરિયાદો–અરજીઓ શૂન્ય છે.

સ્થાનિક સમિતિના ચેરપર્સન જાગૃતિબેન જોષી, સભ્ય સચિવ અને નોડલ અધિકારી (શી બોક્સ) અને સભ્ય નિરાલીબેન કિકાણી, હંસાબેન મકાણી, રમેશભાઈ ખીમસુરિયા સહિતના સભ્યઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

### બલર પરિવારનું પ્રેરણાદાયી કાર્ય

# શાખપુરમાં પરિવારજનો મૃત્યુબાદ ઉતરક્રિયામાં રોપા વિતરણ કરાયુ

## ગ્રામજનોને આંબા સહિતનાં રોપા અપાયા



દામનગર, તા. ૨૪

દામનગરના શાખપુર બલર પરિવાર દ્વારા સ્વર્ગસ્થ માવજીભાઈ મોહનભાઈ બલરના ઉત્તર ક્રિયામાં આવેલ તમામ મહેમાનોને તેમજ શાખપુર ગ્રામજનોને જામફળ જાંબુ આંબા જેવા વૃક્ષો આપી એક ઉત્તમ ઉદાહરણ પરૂ પાડયું છે. જેથી આવનારા સમયમાં વધારેમાં વધારે વૃક્ષારોપણ થાય અને કુદરતી સૌદર્યમાં વધારો થાય તેવા શુભહેતુથી મરણ જનારા આત્માના મોક્ષ સાથે જામફળ આંબા અને જાંબુડા જેવા વૃક્ષોના રોપાનું વિતરણ કરીને આ બલર પરિવાર દ્વારા જયસુખભાઈ માવજીભાઈ બલર, વિનુભાઈ માવજીભાઈ બલર, લખન જયસુખભાઈ બલર દ્વારા તેમજ દરેક સમાજને એક ઉત્તમ ઉદાહરણ પરૂ પાડયું છે. સામાજિક સંરચનામાં ઉજવતા દરેક પ્રસંગોમાં આવા રિવાજ બનાવાયતો પ્રકૃતિ પર્યાવરણનું ખૂબ મોટું કાર્ય અવિતર પણે ચાલ્યા કરે તેમ શાખપુર સરપંચ જસુભાઈ ખુમાણ દ્વારા જણાવ્યું છે.

### જેલ કે તાલે તુટેંગે, ચૈતર વસાવા છૂટેંગે

# કેજરીવાલે દેડિયાપાડામાં ચૈતર વસાવાના સમર્થનમાં લગાવ્યા નારા

## પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું, ચૈતર વસાવા બબ્બર શેર છે, જેલમાં મોકલી તેને ડરાવી નહીં શકો

દેડિયાપાડા, તા.૨૪

ગુજરાતના દેડિયાપાડામાં આજે આમ આદમી પાર્ટી દ્વારા જંગી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય ચૈતર વસાવાના સમર્થનમાં આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન દ્વારા સભાનું આયોજન કરવામાં આવ્યું છે. અરવિંદ કેજરીવાલે દેડિયાપાડામાં એક જનસભાને સંબોધન કર્યું હતું. કેજરીવાલે જનસભા સંબોધતા જેલ કે તાલે તુટેંગે, ચૈતર વસાવા છૂટેંગે ના નારા લગાવ્યા હતા. અરવિંદ કેજરીવાલે કહ્યું, ચૈતર વસાવા બબ્બર શેર છે, જેલમાં મોકલી તેને ડરાવી નહીં શકો . નર્મદા જિલ્લાના દેડિયાપાડના ધારાસભ્ય ચૈતર વસાવા થપ્પડ કાંડમાં છેલ્લા ઘણા દિવસોથી જેલમાં બંધ છે. જેને લઈને આપ પાર્ટીમાં ભયંકર રોષ છે. આપના નેતાઓ દ્વારા ચૈતર વસાવાના સમર્થનમાં આ શક્તિપ્રદર્શન કરવામાં આવ્યું છે. આપ નેતાઓએ આરોપ લગાવ્યો છે કે, ચૈતર વસાવાને સરકાર જાણી જોઈને હેરાન કરે છે.

અરવિંદ કેજરીવાલે એક્સ પર પોસ્ટ કરતા લખ્યું, ગુજરાતમાં ભાજપના ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવવા બદલ **AAP** ધારાસભ્ય ચૈતર વસાવાની ધરપકડ કરવામાં આવી. હવે લોકો વિરોધમાં રસ્તા પર ઉતરી આવ્યા છે, આ લડાઈ હવે અટકવાની નથી. આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ગુજરાતની ભાજપ સરકાર દ્વારા ચૈતર વસાવાને ખોટા કેસમાં ફસાવી દેવામાં આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે ચૈતર વસાવા આદિવાસીઓના હક માટે લડી રહ્યા હતા. ચૈતર વસાવા જમીન, જંગલ, અધિકારો માટે લડી રહ્યા હતા. આ દરમિયાન કેજરીવાલે જોરદાર નારા લગાવ્યા હતા કે, જેલ કે તાલે તૂટેંગે, ચૈતર વસાવા છૂટેંગે.

અરવિંદ કેજરીવાલે આદિવાસી સમાજનો આભાર વ્યક્ત કર્યો હતો. કારણ કે આ સભા દરમિયાન વરસાદ વરસી રહ્યો હતો.

ભાજપ પર આકરા પ્રહારો કરતા કેજરીવાલે કહ્યું હતું કે, ભાજપના નેતાઓ સત્તામાં આવીને ભ્રષ્ટાચાર કરીને તેમજ આદિવાસીઓના હક છીનવીને સંપત્તિ બનાવે છે. ગઈકાલે મોડાસામાં આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂત-પશુપાલક મહાપંચાયત યોજવામાં આવી હતી. આ મહાપંચાયતમાં પણ અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન હાજર રહ્યા હતા.

### રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો

# તહેવારોમાં ૭૫ લાખ BPL અને અંત્યોદય કાર્ડધારકોને સરકારની લહાણી મળશે

## ખાદ્ય તેલ બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે ૧ લિટર પાઉચ ૧૦૦ રૂપિયાના રાહત દરે અપાશે

અમદાવાદ,તા.૨૪

ગુજરાતમાં બી.પી.એલ રાશનકાર્ડ ધારક માટે જન્માષ્ટમીના તહેવારો ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે. ઓગસ્ટ મહિનાના પ્રારંભથી જ રાજ્યમાં ૭૫ લાખથી વધુ રેશનકાર્ડ ધારકોના ૩.૧૮ કરોડથી વધુ સભ્યોને સસ્તા દરે અનાજ વિતરણ શરૂ કરાશે. જેમાં ખાદ્ય તેલ બજાર ભાવથી ઘણી ઓછી કિંમતે ૧ લિટર પાઉચ ૧૦૦ રૂપિયાના રાહત દરે અપાશે. આ ઉપરાંત બી.પી.એલ અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડ રાહત દરે વિતરણ કરવામાં આવશે.

જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળના અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક પરિવારને પ્રોટીનસભર આહાર મળી રહે તે માટે ચણા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩૦ રૂપિયા પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે મળશે. જ્યારે તુવેરદાળ ૧ કિ.ગ્રા. ૨૦ રૂપિયા પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે વિતરણ કરાશે.

આ ઉપરાંત **NFSA** હેઠળના અંત્યોદય, અગ્રતા ધરાવતા દરેક પરિવાર તથા નોન નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ બી.પી.એલ રાશનકાર્ડ ધારકોને મીઠું કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૧ રૂપિયા પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે આપવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, જન્માષ્ટમીનો તહેવાર લાભાર્થીઓ સારી રીતે ઉજવી શકે તે હેતુથી ઓગષ્ટ ૨૦૨૫ના પ્રારંભમાં જ આ તમામ જથ્થો સસ્તા અનાજની દુકાનો સુધી પહોંચી જાય તે માટે જણસીઓની ફાળવણી જુલાઈમાં કરવામાં આવી છે. આ ઉપરાંત આ ફાળવણીના ચલણ/પરમીટ અન્વયે જથ્થાની ડોરસ્ટેપ વિતરણની કામગીરી પણ ચાલી રહી છે.

### જયદીપ પાસેથી બાળકોના ગંદા વિડીયો મળી આવ્યા

# અમેરિકામાં બાળકોની હોસ્પિટલમાં કામ કરતા ગુજરાતીની ધરપકડ થઈ

## ફિનિક્સ ચિલ્ડ્રન્સ હોસ્પિટલમાં ટેકનિશિયન તરીકે કામ કરતા જયદીપ પટેલની સિરિયસ ચાર્જિસ હેઠળ ધરપકડ

વોશિંગ્ટન, તા.૨૪

એરિઝોનાની ફિનિક્સ ચિલ્ડ્રન્સ હોસ્પિટલમાં બિહેવિયરલ હેલ્થ ટેકનિશિયન તરીકે કામ કરી ચૂકેલા જયદીપ પટેલ નામના એક ૩૧ વર્ષીય ગુજરાતીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. જયદીપ પાસેથી બાળકોના ગંદા વિડીયો મળી આવ્યા હોવાનું પોલીસે કોર્ટમાં જણાવ્યું છે અને આ મામલે તેને જુલાઈ ૧૭ના રોજ અરેસ્ટ કરવામાં આવ્યો હતો.

કોર્ટમાં રજૂ કરાયેલા ડોક્યુમેન્ટ્સ અનુસાર ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડ દ્વારા અપાયેલી માહિતીના આધારે પોલીસે ઘણા સમયથી જયદીપ પટેલ પર વૉચ રાખવાનું શરૂ કર્યું હતું. તેના પર જાતિય સતામણીના કુલ નવ ચાર્જ લગાડવામાં આવ્યા છે અને તે તમામ ક્લાસ ૨ ફેલોની ચાર્જિસ છે. લોકલ મીડિયાના રિપોર્ટ્સ અનુસાર જયદીપ પર લગાવાયેલા તમામ ચાર્જિસમાં ત્રણથી ૧૨ વર્ષની સજા થઈ શકે છે.

આ મામલો બહાર આવતા ફિનિક્સ હોસ્પિટલે એવી સ્પષ્ટતા કરી હતી કે આરોપી હાલ હોસ્પિટલમાં જોબ નથી કરતો તેમજ પેશન્ટ્સની સેફ્ટી તેની ટોપ પ્રાયોરિટી છે અને હોસ્પિટલ તપાસમાં તમામ સહકાર આપી રહી છે. જયદીપ કઈ રીતે પકડાયો તે અંગે કોર્ટમાં રજૂ કરાયેલા ડોક્યુમેન્ટ્સમાં જણાવાયું હતું કે સપ્ટેમ્બર ૨૦૨૪માં ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરે એક સબસ્ક્રાઈબર બે ડઝન જેટલી ગંદા વિડીયોની ફાઈલનું પઝેશન ધરાવતો હોવાની ફિનિક્સ પોલીસને બાતમી આપી હતી અને આ સબસ્ક્રાઈબરની ઓળખ જયદીપ પટેલ તરીકે કરવામાં આવી હતી.

લાંબી તપાસ બાદ લોકલ પોલીસે સર્ચ વૉરન્ટના આધારે જયદીપના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ, ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર, ઈમેલ અકાઉન્ટ્સ અને સેલ ફોન નંબરના રેકોર્ડની તપાસ શરૂ કરી હતી અને તેમાં જ આરોપીની આ કરતૂતોનો ભાંડો ફુટ્યો હતો. પોલીસે જયદીપની ચેટ્સના રેકોર્ડ્સ પણ મેળવ્યા હતા જેમાં તેણે પોતાનો ફોન નંબર આપવા ઉપરાંત લોકેશન અને ફિઝિકલ ડિસ્ક્રિપ્શન પણ આપ્યું હતું જેની સાથે પોતે ક્યાં જોબ કરે છે તે તેની માહિતી પણ તેણે ચેટ પર આપી હતી. એટલું જ નહીં, તે જેમની સાથે ચેટ કરતો હતો તેમને પણ આવું મટિરિયલ શેર કરવા જણાવતો હતો. પોલીસે જયદીપના સોશિયલ મીડિયા અકાઉન્ટમાંથી નવ વિડીયો ફાઈલ રિકવર કરી હતી જેમાં કેટલીક અંડરએજ છોકરીઓ વાંધાજનક હરકતો કરતા દેખાતી હતી. આ સિવાય તેની પાસેથી ૧૨૦૦ જેટલા ગંદા ફોટોગ્રાફ્સ પણ મળી આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

જયદીપ પટેલ મિસૌરી એવેન્યૂના ૧૦૨ એવન્યૂમાં રહે છે. તેને અરેસ્ટ બાદ પોલીસે તે કઈ સોશિયલ મીડિયા સાઈટ્સનો ઉપયોગ કરે છે તે પૂછ્યું હતું જેના જવાબમાં જયદીપે પોતે માત્ર ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક જ યુઝ કરતો હોવાનું જણાવ્યું હતું.

જોકે, પોલીસે તેનો ફોન ચેક કરવા માગ્યો ત્યારે તેણે પોતે કિક અકાઉન્ટ યુઝ ના કરતો હોવાનું જણાવ્યું હતું. જયદીપે જે ચેટ્સ કરી હતી તેમાં એકમાં તો તેણે પોતે હોલ્પિટલમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે કામ કરતો હોવાનું જણાવ્યું હતું પરંતુ તે ગાર્ડ નહીં પરંતુ બિહેવરલ હેલ્થ ટેકનિશિયન હતો.

તમામ પુરાવા એકત્ર કર્યા બાદ પોલીસે મારિકોપા કાઉન્ટી સુપિરિયર જજ કોર્ટ પાસેથી વોરન્ટ મેળવ્યા બાદ જુલાઈ ૧૭ના રોજ જયદીપના ઘરે રેડ કરીને તેને અરેસ્ટ કરી લીધો હતો. આરોપીને જુલાઈ ૨૪ના રોજ કોર્ટમાં હાજર કરવામાં આવશે જ્યારે તેની પ્રિલિમનરી હિયરિંગ જુલાઈ ૨૮થી શરૂ થશે. છેલ્લી માહિતી પ્રમાણે જયદીપ પટેલને એક લાખ ડોલરના બોન્ડ પર જેલમાં રખાયો હતો.

### સ્મૃતિ ઈરાનીએ અમેઠીમાં હારનું કારણ જણાવ્યું

# સ્મૃતિએ રાજકારણમાંથી નિવૃત્તિ અંગે પણ તોડ્યું મૌન

## તેમણે કહ્યું કે ગાંધી પરિવારે અનુકૂળ પરિસ્થિતિઓને કારણે કેરળના વાયનાડથી ચૂંટણી લડવાનો નિર્ણય લીધો હતો

નવી દિલ્હી, તા.૨૪

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા સ્મૃતિ ઈરાનીએ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી પર ખુલીને વાત કરી છે. તેમણે કહ્યું કે ગાંધી પરિવારે અનુકૂળ પરિસ્થિતિઓને કારણે કેરળના વાયનાડથી ચૂંટણી લડવાનો નિર્ણય લીધો હતો. સ્મૃતિ ઈરાનીએ ૨૦૧૯માં ઉત્તર પ્રદેશની અમેઠી બેઠક પરથી રાહુલ ગાંધીને હરાવ્યા હતા, પરંતુ ૨૦૨૪માં તેમને આ બેઠક પરથી હારનો સામનો કરવો પડ્યો હતો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જ્યારે સ્મૃતિ ઈરાનીને પૂછવામાં આવ્યું કે તેઓ હવે રાહુલ ગાંધી પ્રત્યે આક્રમક કેમ નથી, ત્યારે તેમણે કહ્યું, કારણ કે ગાંધી પરિવારે ૨૦૨૪માં મારી સામે લડવાનો ઈનકાર કર્યો હતો. ૨૦૨૪માં અમેઠીથી ચૂંટણી ન લડવાના રાહુલ ગાંધીના નિર્ણય પછી, કોઈ રાજકીય યુદ્ધ બાકી નથી. જો તેઓ યુદ્ધના મેદાનમાં પગ પણ નથી મુકી રહ્યા, તો હું શું કહી શકું? હું તેમની પાછળ ન પડી શકું. પૂર્વ સાંસદે કહ્યું કે, આપણે રાજકીય ઈતિહાસ વાંચ્યો છે, ઘણા મોટા નામો અમેઠીથી ચૂંટણી લડ્યા છે અને હારી ગયા છે. શરદ યાદવ અને મેનકા ગાંધી જેવા પ્રખ્યાત નેતાઓ પણ ત્યાંથી હારી ગયા છે. ગાંધી પરિવારે અમેઠી જેવી બેઠક પસંદ કરી કારણ કે ત્યાંનું સામાજિક સમીકરણ તેમના પક્ષમાં હતું. આવી સ્થિતિમાં, કોઈ પણ સમજદાર નેતા એવી બેઠક પસંદ કરશે નહીં જ્યાં હાર નિશ્ચિત હોય. જો કોઈને આવી બેઠક આપવામાં આવે છે, તો તે પક્ષની જવાબદારી હેઠળ તેને સ્વીકારે છે. ૨૦૧૯ માં, મેં અશક્યને શક્ય બનાવી દીધું.

સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે, ૨૦૧૪માં અમેઠીથી ચૂંટણી હારી ગયા હોવા છતાં, તેમણે ૨૦૧૪ થી ૨૦૧૯ સુધી ત્યાં ઘણું કામ કર્યું. તેથી જ લોકોને લાગ્યું કે તેમને તક આપવી જોઈએ. જો લોકો કહેતા કે મેં અમેઠી માટે કામ નથી કર્યું, તો તે વધુ નુકસાન પહોંચાડત. પરંતુ આજે ચર્ચા થાય છે કે મેં ત્યાં ઘણું કામ કર્યું છે. હું અમેઠીમાં રહી, ઘરે ઘરે, ગામડે ગામડે, શેરીએ શેરીએ ગઈ, ગટર સાફ કરાવી, ગામમાં વીજળી પહોંચાડી, એક લાખ ઘરો બનાવ્યા, મેડિકલ કોલેજ બનાવી.

જ્યારે સ્મૃતિ ઈરાનીને પૂછવામાં આવ્યું કે, અમેઠીના લોકોએ તેમને કેમ જીત અપાવી નહીં, ત્યારે તેમણે સ્પષ્ટપણે કહ્યું કે કામ અને રાજકીય સમીકરણમાં તફાવત છે. ફક્ત રાજકારણમાં રહેલા લોકો જ આ વાત સમજે છે. રાજકારણનો રાષ્ટ્રીય રાજકારણ સાથે કોઈ સંબંધ નથી, હું રાષ્ટ્રીય રાજકારણમાં સામેલ છું.

સ્મૃતિ ઈરાનીએ સ્પષ્ટતા કરી કે ટીવી પર પાછા ફરવાનો અર્થ એ નથી કે હું રાજકારણમાંથી નિવૃત્તિ લઈ રહી છું. ૪૯ વર્ષની ઉંમરે કોણ નિવૃત્તિ લે છે? મોટાભાગના લોકોની કારકિર્દી ૪૯ વર્ષની ઉંમરે શરૂ થાય છે અને હું ત્રણ વખત સંસદ સભ્ય રહી ચૂકી છું.

### દીવાલો પર લખ્યા ઉશ્કેરણીજનક મેસેજ

# ઓસ્ટ્રેલિયામાં સ્વામિનારાયણ મંદિર ઉપર હુમલાની ઘટના

## હિન્દુ કાઉન્સિલ ઓફ ઓસ્ટ્રેલિયાએ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું

મેલબોર્ન, તા.૨૪

ઑસ્ટ્રેલિયાના મેલબોર્નમાં **BAPS** સ્વામિનારાયણ મંદિર પર હુમલાની ઘટના સામે આવી છે. માહિતી અનુસાર ગુરુવારે સવારે મેલબોર્નના મિલ પાર્કમાં **BAPS** સ્વામિનારાયણ મંદિર પર હુમલો કરતાં ખાલિસ્તાન સમર્થકોએ તોડફોડ કરી હતી. આ સાથે મંદિરની દીવાલો પર ઉશ્કેરણીજનક મેસેજ પણ લખ્યા હતા. ખાલિસ્તાની સમર્થકોએ જરનૈલ સિંહ ભિંદરાનવાલેને શહીદ ગણાવ્યા અને મંદિરની દીવાલો પર તેની પ્રસંશા કરતા મેસેજ લખ્યા હતા. આ સાથે ભારત અને મોદી સરકાર વિરોધી સૂત્રો પણ લખ્યા હતા.

હિન્દુ કાઉન્સિલ ઓફ ઑસ્ટ્રેલિયાના પ્રમુખ મકરંદ ભાગવતે આ ઘટના પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, આ મંદિર શાંતિ, ભક્તિ અને એકતાનું પ્રતીક છે. એવામાં આવી ઘટના આપણી ધાર્મિક સ્વતંત્રતા અને ઓળખ પર હુમલા સમાન છે.

જોકે વિક્ટોરિયાના મુખ્યમંત્રી જેસિન્ટા એલને હજુ સુધી આ ઘટનાની જાહેરમાં ટીકા કરી નથી. તેમના કાર્યાલયે મંદિર મેનેજમેન્ટને એક વ્યક્તિગત મેસેજ મોકલ્યો હતો. તેમણે આ હુમલાને દ્વેષજનક અને ભય ફેલાવનાર કૃત્ય ગણાવ્યું હતું. એલને કહ્યું કે, વિક્ટોરિયા પોલીસ આ મામલાની ગંભીરતાથી તપાસ કરી રહી છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં કેનેડાના ટોરેન્ટોમાં સ્વામિનારાયણ મંદિરની દીવાલો પર પણ ખાલિસ્તાન તરફી નારા લખવામાં આવ્યા હતા. ભારતીય હાઈ કમિશને આ ઘટનાનો સખત વિરોધ કર્યો હતો. તેમજ બ્રિટનના લેસ્ટર શહેરમાં કેટલાક અજાણ્યા લોકોએ શિવ મંદિકરમાં ઘૂસીને તોડફોડ કરી હતી અને ધજાને નીચે ઉતારી દીધી હતી. અત્યાર સુધીમાં વિશ્વભરમાં હિન્દુ ધર્મ વિરુદ્ધ આવી ૧૦૦થી વધુ ઘટનાઓ બની ચૂકી છે.

# કોંગ્રેસ દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડના મેળા બાબતે સોગંદનામુ જાહેર કરવા સ્ટેન્ડિંગ ચેરમેનને રજુઆત

## કોઈ પણ બનાવ બને કે કોઇપણ જાનહાની થાય લોકોને કોઈ નુકશાન થાય કે જાનહાની થાય તે માટે જવાબદાર કોણ ?

જામનગર,તા.૨૪

જામનગર શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડમાં યોજનારા શ્રાવણી મેળા બાબતે સુરક્ષાના ભાગરૂપે મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી સોગંદનામુ રજૂ કરે તેવી લેખિત અરજી સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સમક્ષ કરવામાં આવી છે.જામનગર મહાનગરપાલિકા સ્ટે-કમિટી દ્વારા પ્રદર્શન ગ્રાઉન્ડમાં આગામી મેળો કરવા આયોજન કરેલ પરંતુ પ્રદર્શન ગ્રાઉન્ડમાં એસ.ટી ડેપો હોય બાજુમાં ખુબજ ટૂંકી જગ્યા હોય તેમાં મેળો કરવામાં આવે છે. તેમાં કોઈ પણ બનાવ બને કે કોઈપણ જાનહાની થાય લોકોને કોઈ નુકશાન થાય કે જાનહાની થાય તે માટે જવાબદાર કોણ ? કારણકે રાજકોટમાં ગેમઝોન જેવી ગંભીર ઘટના થયેલ તેમાં દોષનો ટોપલો અધિકારીઓ ઉપર નાખવામાં આવે છે. જામનગર મહાનગરપાલિકા સતાધીશોની અન-આવડતના કારણે લોકોને ભારે હાલાકી કરવી પડે છે. તળાવની નાની માછલીઓને મારીને મોટા મગરમચ્છોને બચાવી લેવામાં આવે છે.

આથી સતાધીશો સ્ટે-કમિટી સોગંદનામું કે જાહેર કરે કે મેળામાં કોઈ પણ બનાવ બને, કોઈ જાનહાની થાય તે માટે જવાબદાર કોણ તેનું સોગંદનામું જાહેર કરે. તેવી માંગણી કરવામાં આવી છે.

### સંસદમાં નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રીએ માહિતી આપી

# અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાના ચાર દિવસ બાદ ૧૧૨ પાયલટ મેડિકલ લીવ પર ઉતર્યા હતા

## દુર્ઘટના બાદ ૫૧ કમાન્ડર અને ૬૧ ફ્લાઈટ ઓફિસરનું માનસિક સ્વાસ્થ્ય સારૂ ન હોવાથી મેડિકલ લીવ પર ઉતર્યા હતા

નવી દિલ્હી, તા.૨૪

અમદાવાદ ખાતે ૧૨ જૂનના રોજ ભયાવહ પ્લેન ક્રેશની દુર્ઘટનાના ચાર દિવસ બાદ એર ઈન્ડિયાના ૧૦૦થી વધુ પાયલટ મેડિકલ લીવ પર ઉતર્યા હતાં. સંસદમાં નાગરિક ઉડ્ડયનના રાજ્યમંત્રી મુરલીધર મોહોલે આ અંગે માહિતી આપી હતી. આ ભયાવહ પ્લેન ક્રેશમાં ૨૬૦ લોકોનો મોત નીપજ્યા હતાં.

મોહોલે લોકસભામાં જણાવ્યું હતું કે, અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટના બાદ ૫૧ કમાન્ડર અને ૬૧ ફ્લાઈટ ઓફિસરનું માનસિક સ્વાસ્થ્ય સારૂ ન હોવાથી મેડિકલ લીવ પર ઉતર્યા હતાં. અમે એરલાઈન્સ અને એરપોર્ટ સત્તાધીશોને સંભવિત માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓનું સંચાલન કરવા માટે ફ્લાઈટ ક્રૂ અને એર ટ્રાફિક કંટ્રોલર્સ માટે "સ્ટેન્ડઅલોન અને કસ્ટમાઈઝ્ડ ટ્રેનિંગ કેપ્સ્યુલ્સ" રજૂ કરવાની પણ સૂચના આપી હતી. તેમજ કોઈપણ સમસ્યાને ઓળખવા અને તેનો સામનો કરવામાં ફ્લાઈટ ક્રૂ / ATCOs (એર ટ્રાફિક કંટ્રોલ ઓફિસર્સ) ને મદદ-સમર્થન પૂરુ પાડવા પીઅર સપોર્ટ ગ્રુપ્સ બનાવવાની પણ સલાહ આપવામાં આવી છે.

ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશને ક્રૂની ચિંતા અને ગભરાટ તથા તાલીમના સંચાલન સંબંધિત સલામતીના માપદંડોનું ઉલ્લંઘન કરવા બદલ બુધવારે ચાર શો-કોઝ નોટિસ પાઠવી હતી.

નોટિસમાં છેલ્લા ૧૨ મહિનામાં એરલાઈન દ્વારા સ્વૈચ્છિક ખુલાસાઓ, તાલીમના ધોરણો અને ઓપરેશનલ પ્રક્રિયાઓને સુનિશ્ચિત કરવામાં થયેલા ભંગને આવરી લેવામાં આવ્યા હતાં. આજે બપોરે એરલાઈનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, 'અમે આ નોટિસનો સ્વીકાર કરીએ છીએ, છેલ્લા એક વર્ષમાં કરવામાં આવેલા કેટલાક સ્વૈચ્છિક ખુલાસાઓ સાથે સંબંધિત અમે ઉપરોક્ત નોટિસોનો જવાબ આપીશું. એર ઈન્ડિયા પોતાના ક્રૂ અને મુસાફરોની સલામતી માટે પ્રતિબદ્ધ છે'

એરઈન્ડિયાને છેલ્લા છ મહિનામાં સુરક્ષાના માપદંડોનું વિવિધ પ્રકારે ઉલ્લંઘન તેમજ દુર્ઘટનાઓના કારણે કુલ ૧૩ નોટિસ પાઠવામાં આવી હતી. ઉલ્લેખનીય છે, મંગળવારે જ હોંગકોંગથી દિલ્હી આવતી એરબસ ૭૩૨૧ના પાવર યુનિટમાં આગ લાગી હતી. જો કે, જાનહાનિ ટળી હતી. ૨૪ કલાક પહેલાં જ કોચી-મુંબઈ ફ્લાઈટ રનવે પર ભટકાઈ હતી. જેના એન્જિન કવરને નુકસાન થયુ હતું. છેલ્લી ઘડીએ અન્ય એક દિલ્હી-કોલકાતા ફ્લાઈટને સ્થગિત કરવામાં આવી હતી. આજે સવારે પણ દિલ્હી-મુંબઈ એર ઈન્ડિયા એક્સપ્રેસ પ્લેનની ડિસ્પ્લે સ્ક્રિનમાં સમસ્યા આવતાં ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. એર ઈન્ડિયા અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના બાદથી અનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે.

### ECBએ કાર્યક્રમ જાહેર કર્યો

# ટેસ્ટ બાદ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે T૨૦ અને ODI સીરિઝ પણ રમાશે

## બંને દેશો વચ્ચે આગામી વર્ષનો ક્રિકેટ કાર્યક્રમ જાહેર

નવી દિલ્હી, તા.૨૪

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે હાલ પાંચ ટેસ્ટ મેચની સિરીઝની રમાઈ રહી છે. પ્રથમ અને ત્રીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડે જીત મેળવી છે, જ્યારે બીજી ટેસ્ટ મેચમાં ભારતનો વિજય થયો છે.

હાલ બંને દેશો વચ્ચે ચોથી ટેસ્ટ મેચ રમાઈ રહી છે, ત્યારે ક્રિકેટના ચાહકો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ (ECB)એ બંને દેશો વચ્ચે ટેસ્ટ મેચ બાદ ટ૨૦ અને વન-ડે સીરિઝ પણ રમાડવાની જાહેરાત કરી છે. ઈસીબીની ગુરુવારે (૨૪ જુલાઈ) સત્તાવાર જાહેર કરી છે કે, ભારત-ઈંગ્લેન્ડ આગામી વર્ષે જુલાઈમાં પાંચ ટી૨૦ મેચ અને ત્રણ વન-ડે સિરીઝ રમશે. હાલ ભારત ઈંગ્લેન્ડમાં ટેસ્ટ મેચો રમી રહી છે, જ્યારે આગામી વર્ષે પણ ભારતીય ટીમનો ઈંગ્લેન્ડ પ્રવાસ નિર્ધારીત કરાયો છે. બંને દેશો વચ્ચે ૧થી ૧૧ જુલાઈ-૨૦૨૬ સુધી ટી૨૦ સિરીઝની પાંચ મેચો રમાશે, ત્યારબાદ ૧૪થી ૧૯ જુલાઈ વચ્ચે ત્રણ વન-ડે મેચ પણ રમાશે.

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેનો T20 મેચ સીરિઝનો શેડ્યૂલ

પહેલી મેચ- ૧ જુલાઈ, બેંક હોમ રિવરસાઈડ, ડરહામ

બીજી મેચ- ૪ જુલાઈ, ઓલ્ડ ટ્રેફોર્ડ, માન્ચેસ્ટર

ત્રીજી મેચ- ૭ જુલાઈ, ટ્રેન્ટ બ્રિજ, નોટિંગહામ

ચોથી મેચ- ૯ જુલાઈ, સીટ યુનિક સ્ટેડિયમ, બ્રિસ્ટોલ

પાંચમી મેચ- ૧૧ જુલાઈ, યુટિલિટા બાઉલ, સાઉથમ્પ્ટન

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેનો વન-ડે મેચ સીરિઝનો શેડ્યૂલ

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેનો વન-ડે મેચ સીરિઝનો શેડ્યૂલ

પહેલી મેચ- ૧૪ જુલાઈ; એજબેસ્ટન, બર્મિંગહામ

બીજી મેચ- ૧૬ જુલાઈ; સોફિયા ગાર્ડન્સ, કાર્ડિફ

ત્રીજી મેચ- ૧૯ જુલાઈ; લોર્ડ્સ, લંડન

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે હાલ પાંચ ટેસ્ટ મેચની સીરિઝ રમાઈ રહી છે, જેમાં ઈંગ્લેન્ડ ૨-૧થી આગલ છે. હાલ બંને દેશો ૨૪ જુલાઈથી માન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટ મેચ રહી છે. જ્યારે છેલ્લી ટેસ્ટ મેચ ૩૧ જુલાઈથી ચોથી ઓગસ્ટ વચ્ચે રમાશે.

### રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા

# ચૂંટણી પંચ બચી જશે તેવા ભ્રમમાં ન રહે, મારી પાસે પાક્કા પૂરાવા છે

## તેમનો આરોપ છે કે ચૂંટણી પંચના અધિકારી અને સત્તા પક્ષની મિલીભગતથી ચૂંટણીની ચોરી કરવામાં આવે છે

નવી દિલ્હી, તા.૨૪

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમનો આરોપ છે કે ચૂંટણી પંચના અધિકારી અને સત્તા પક્ષની મિલીભગતથી ચૂંટણીની ચોરી કરવામાં આવે છે. રાહુલ ગાંધી અગાઉ પણ આવા આરોપ લગાવી ચૂક્યા છે, હવે તેમનો દાવો છે કે તેમની પાસે પાક્કા પૂરાવા છે અને તેઓ કોઈને છોડશે નહીં.

સંસદ ભવનમાં પત્રકારો સાથે વાતચીતમાં રાહુલ ગાંધીએ કહ્યું છે, કે ચૂંટણી પંચ બિલકુલ ભ્રમમાં ન રહે.

લોકશાહી અને બંધારણને ખતમ કરવાના પ્રયાસ કરનારાઓને અમે છોડીશું નહીં. ચૂંટણી પંચ પોતાની જવાબદારી નિભાવી નથી રહ્યું. ચૂંટણી ચોરી કરવા ચૂંટણી પંચે જે પેંતરા અપનાવ્યાં તેના પાક્કા પૂરાવા છે મારી પાસે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું, કે હજુ તો માત્ર એક મતવિસ્તાર પર નજર નાંખી અને આ બધુ સામે આવી ગયું. મને ભરોસો છે કે ભારતના તમામ મતવિસ્તારોમાં આ જ બધા નાટક ચાલુ છે. હજારો મતદારો ઉમેરાયા તેમની ઉંમર શું છે? ૪૫, ૫૦, ૬૦, ૬૫. એક જ મતવિસ્તારમાં હજારો મતદારો ઉમેરાયા. ૧૮ વર્ષથી વધુ ઉંમરના નવા મતદારો ઉમેરાઈ રહ્યા છે તેથી અમે પકડી પાડ્યા

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચને ચેતવણી આપતા કહ્યું, કે હું ચૂંટણી પંચને સંદેશો આપવા માંગુ છું, કે જો તમને લાગતું હોય તો કે તમે બચી જશો, તમારા અધિકારીઓ એવું માનતા હોય કે તે બચી જશે તો તમે ભ્રમમાં છો. અમે તમારી પાછળ પડી જવાના છીએ.

### દુર્ઘટનામાં ૪૯ મુસાફરોના મોત

# હવામાં ગાયબ થયા બાદ અંગારા એરલાઇનનું વિમાન ક્રેશ થયું

## રશિયાનું એક પેસેન્જર વિમાન અચાનક હવામાં ગાયબ થયા બાદ ક્રેશ થયું : વિમાનનો કાટમાળ મળી આવ્યો છે

મોસ્કો, તા.૨૪

રશિયાનું એક પેસેન્જર પ્લેન ગુરૂવારે લાપતા થઈ ગયું હતું, પરંતુ હવે સામે આવ્યું કે આ વિમાન ક્રેશ થઈ ગયું છે. રોયટર્સના રિપોર્ટ પ્રમાણે આ યાત્રી વિમાનમાં ૪૯ લોકો સવાર હતા.

દુર્ઘટનાને કારણે વિમાનમાં સવાર તમામ ૪૯ લોકોના મોત થયા છે. અંગારા એરલાયન્સની ફ્લાઈટ ચીનની સરહદ નજીક આવેલા અમૂર વિસ્તારના ટિંડા શહેર તરફ જઈ રહી હતી. પરંતુ વચ્ચે તેનો એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયો હતો. હવે રશિયન મીડિયાએ દાવો કર્યો છે કે પ્લેનનો કાટમાળ મળ્યો છે.

રશિયન ન્યૂઝ એજન્સી ઈન્ટરફેક્સના રિપોર્ટ પ્રમાણે રશિયાનું છહ-૨૪ પેસેન્જર પ્લેન ટિંડા એરપોર્ટ પર લેન્ડિંગના પ્રયાસમાં હતું, પરંતુ તેનો પ્રથમ પ્રયાસ નિષ્ફળ રહ્યો. તો બીજા પ્રયાસ માટે આકાશમાં ચક્કર લગાવી રહ્યું હતું અને ત્યારબાદ લાપતા થઈ ગયું. સ્થાનીક ગવર્નર વાસિલી ઓરવોલે કહ્યુ કે શરૂઆતી આંકડા અનુસાર વિમાનમાં પાંચ બાળકો સહિત ૪૩ યાત્રી અને છ ક્રૂ સભ્યો સવાર હતા. વિમાન ક્રેશ બાદ બધાના મોત થયા છે.

ટિંડા એરપોર્ટના અધિકારીઓએ કહ્યું છે કે પાયલોટ બીજી વખત લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ તેની ભૂલ અંગે કંઈ કરી શકાય નહીં. અંગારા એરલાઈન્સનું આ વિમાન અચાનક રડાર પરથી ગાયબ થઈ ગયું.

પ્રાદેશિક કટોકટી મંત્રાલયે જણાવ્યું હતું કે એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયાના થોડીવાર પછી, બચાવ ટીમે વિમાન દુર્ઘટના અંગે શંકા વ્યક્ત કરી હતી. તમને જણાવી દઈએ કે આ વિમાન બ્લાગોવેશેન્સ્કથી ટિંડા વચ્ચે લગભગ ૫૭૦ કિમીની ઉડાન ભરી રહ્યું હતું. વિમાનમાં છ ક્રૂ સભ્યો અને ૪૩ અન્ય મુસાફરો સવાર હતા. વિમાને તેની સામાન્ય ઉડાન શરૂ કરી હતી, પરંતુ અચાનક તેનો ATC (એર ટ્રાફિક કંટ્રોલ) સાથેનો સંપર્ક તૂટી ગયો. ATS સાથે સંપર્ક તૂટી ગયા પછી, વિમાનમાંથી કોઈ માહિતી મળી રહી ન હતી. આ પછી, વિમાનના રડાર પર પણ તેની સ્થિતિ દેખાતી ન હતી. કટોકટી સેવાઓ અનુસાર, વિમાન તેના ગંતવ્ય સ્થાનથી ઘણા કિલોમીટર પહેલા રડાર પરથી ગાયબ થઈ ગયું હતું. આ ઘટનાએ શોધ અને બચાવ કામગીરીને પડકારજનક બનાવી દીધી છે.

જે વિસ્તારમાં આ અકસ્માત થયો તે મુખ્યત્વે બોરિયલ જંગલ (તાઈગા) થી ઘેરાયેલો છે. આ ગાઢ જંગલો અને દુર્ગમ વિસ્તારો છે, જે બચાવ કામગીરીને ખૂબ મુશ્કેલ બનાવી રહ્યા છે. હેલિકોપ્ટર અને અન્ય કટોકટી સાધનોનો ઉપયોગ કરીને આ વિસ્તારોમાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, પરંતુ મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓને કારણે બચાવમાં વિલંબ થઈ રહ્યો છે.

### યુપીના સીએમ યોગીએ ખોલી પોલ

# ભાજપના દિગ્ગજ સાંસદ રવિ કિશને નાળા પર જ ગેરકાયદે મકાન બાંધ્યું

## હવે મશીન બધું પકડી લે છે : ઉત્તરપ્રદેશના સીએમ યોગી

ગોરખપુર, તા.૨૪

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે ગોરખપુરમાં ૧૭૭ પરિયોજનાઓના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'અભિનેતા અને ભાજપ સાંસદ રવિ કિશને રામગઢ તાલ વિસ્તારમાં નાળા ઉપર મકાન બનાવ્યું છે. અમે પહેલાથી જ કહ્યું હતું કે નાળા ઉપર પર કોઈ પણ બાંધકામ ન થવું જોઈએ, નહીં તો મુશ્કેલી થશે.'

ગોરખપુરમાં પરિયોજનાઓના ઉદ્ઘાટન કાર્યક્રમમાં દરમિયાન રમૂજી અંદાજમાં મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કહ્યું કે, 'નાળા ઉપર કોઈ બાંધકામ ન થવું જોઈએ, કારણ કે તેનાથી પૂર જેવી સમસ્યાઓ થઈ શકે છે. રવિ કિશનએ રામગઢ તાલ વિસ્તારમાં નાળા ઉપર મકાન બનાવ્યું છે. પરંતુ હવે મશીન બધું પકડી લે છે. ગેરકાયદે બાંધકામ દૂર કરવું જોઈએ. ' મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કાર્યક્રમમાં ગોરખપુરની સ્વચ્છતા સિદ્ધિઓની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે, અર્બન ફ્લડ સેન્ટર, સેન્સર ટેકનોલોજી અને આધુનિક ડ્રેનેજ સિસ્ટમ જેવી નવીનતાઓએ શહેરને સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવ્યું છે.' આ ઉપરાંત તેમણે નાગરિકોને શેરીઓમાં કચરો ન ફેંકવા અને સ્વચ્છતા પ્રત્યે સભાન રહેવાની અપીલ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, ગોરખપુરમાં વિવિધ કાર્યક્રમોમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ઘણીવાર રવિ કિશન પર હળવી ટીકા કરતા જોવા મળ્યા છે. મે ૨૦૨૫માં શહેરી સુવિધા કેન્દ્રના ઉદ્ઘાટન દરમિયાન તેમણે રવિ કિશનના ઘરને 'શીશમહલ' કહીને મજાક કરી હતી. ડિસેમ્બર ૨૦૨૩માં એક કાર્યક્રમમાં તેમણે મજાકમાં પૂછ્યું હતું કે, 'શું રવિ કિશનને મોમોઝ ખાધા પછી પૈસા ચૂકવ્યા છે કે નહીં.'

### પાકિસ્તાન ચોથો સૌથી ખરાબ રેન્ક ધરાવતો દેશ

# પાસપોર્ટ રેન્કિંગમાં ભારતનું સ્થાન દુનિયામાં ૭૭માં નંબરે

## પાસપોર્ટના રેન્કીંગ મુજબ પહેલાં નંબરે એશિયાનો દેશ સિંગાપુર અને બીજા નંબરે જાપાન તેમજ સાઉથ કોરિયા

નવી દિલ્હી, તા.૨૪

દુનિયાભરના દેશોના પાસપોર્ટનું નવું રેન્કિંગ આવ્યું છે. જે મુજબ, ભારતનો પાસપોર્ટ દુનિયામાં ૭૭માં નંબરે છે. વળી, પહેલાં નંબરે એશિયાનો દેશ સિંગાપુર અને બીજા નંબરે જાપાન તેમજ સાઉથ કોરિયા છે.

રસપ્રદ વાત એ છે કે, પાકિસ્તાન દુનિયાનો ચોથો સૌથી ખરાબ રેન્કિંગવાળો દેશ છે. તેનો પાસપોર્ટ ૯૬માં નંબરે મૂકવામાં આવ્યો છે. હેનલી પાસપોર્ટ ઈન્ડેક્સ ૧ થી ૯૯ સુધીની રેન્કિંગમાં દુનિયાના તમામ દેશને મૂકવામાં આવ્યા છે. પાકિસ્તાન સાથે સોમાલિયા અને યમનને પણ આ જ સ્થાન મળ્યું છે. સૌથી છેલ્લે એટલે કે, ૯૯માં નંબરે અફઘાનિસ્તાન છે અને ૯૮ નંબરે સીરિયા તેમજ ૯૭ નંબર ઈરાકને સ્થાન મળ્યું છે. ।ીજા નંબરે યુરોપના અનેક દેશ છે, જેમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઈટલી અને સ્પેન સામેલ છે. આ દેશોમાં ફરવા માટે મોટી સંખ્યામાં લોકો જાય છે. ચોથા નંબરે સ્વિડન, નેધરલેન્ડ અને બેલ્જિયમ સહિત યુરોપના ૭ દેશ સામેલ છે.

ભારતના એક અન્ય પાડોશી દેશ બાંગ્લાદેશનો પાસપોર્ટ રેન્ક ૯૪ નંબરે છે. પેલેસ્ટાઈનને પણ આ જ રેક્રિંગ મળી છે. આ સિવાય સૂડાનને ૯૨ અને ઉત્તર કોરિયાને ૯૩મો નંબર મળ્યો છે. શ્રીલંકા અને ઈરાનને ૯૧ નંબરે સ્થાન મળ્યું છે. વળી, વિશ્વના સૌથી શક્તિશાળી કહેવાતા દેશ અમેરિકાને ૧૦મું સ્થાન મળ્યું છે અને ઈઝરાયલને ૧૮માં નંબરે મૂકવામાં આવ્યું છે. ચીની પાસપોર્ટને રેક્રિંગમાં ૬૦માં નંબરે મૂકવામાં આવ્યો છે. રશિયાને આ યાદીમાં ૪૬મું સ્થાન મળ્યું છે.

નોંધનીય છે કે, ભારતની રેક્રિંગમાં આ વર્ષે ૮ સ્થાનનો ઉછાળો આવ્યો છે. ગત વર્ષે ભારતીય પાસપોર્ટને ૮૫મું સ્થાનમળ્યું હતું અને આ વખતે ભારત ૭૭માં સ્થાન પર છે. પોસપોર્ટ સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા આ દસ્તાવેજના માધ્યમથી લોકો બીજા દેશોની યાત્રા કરી શકે છે. સામાન્ય રૂપે આવા દેશોની રેક્રિંગ કમજોર હોય છે, જે હિંસા પ્રભાવિત છે અથવા આતંકવાદ ગ્રસ્ત છે. જેમ કે, અફઘાનિસ્તાન, સોમાલિયા, પાકિસ્તાન, સીરિયા, સૂડાન અને ઈરાક વગેરે.

### એક મિનિટનો ખર્ચો ૨.૫ લાખ પાણીમાં!

# સતત 3 દિવસ સંસદ ઠપ રહેતા જનતાનાં રૂા.૨૩ કરોડનો ધુમાડો

## રાજ્યસભાની કાર્યવાહી માત્ર ૪.૪ કલાક જ ચાલી છે

નવી દિલ્હી, તા.૨૪

સોમવાર (૨૧મી જુલાઈ)થી સંસદનું ચોમાસું સત્ર શરૂ થયું છે. જોકે, આ સત્ર શરૂ થયું ત્યારથી અત્યાર સુધી કોઈ જ મહત્ત્વનું કામકાજ નથી થઈ શક્યું. વિપક્ષ દ્વારા ઓપરેશન સિંદૂર, પહલગામ હુમલો, ટ્રમ્પના નિવેદનો સહિતના મુદ્દે ભારે હોબાળો થઈ રહ્યો છે. જેને પગલે સંસદની કાર્યવાહી ઠપ રહી છે, હાલમાં સંસદની કાર્યવાહીનો એક મિનિટનો ખર્ચ ૨.૫ લાખ રૂપિયા થઈ રહ્યો છે. દિવસના છ કલાક સુધી કાર્ય થવું જોઈએ. છેલ્લા ત્રણ દિવસમાં કોઈ જ કામ ના થતા કરદાતાઓના ૨૦થી ૨૩ કરોડ રૂપિયાનો ધુમાડો થઈ ગયો છે.

ચોમાસું સત્રને બુધવારે (૨૩મી જુલાઈ) ત્રીજો દિવસ હતો, ત્રીજા દિવસે વિપક્ષે બિહારમાં મતદારોના વેરિફિકેશનનો મુદ્દો ઉઠાવ્યો હતો. લોકસભા-રાજ્યસભામાં વિપક્ષે આ વેરિફિકેશનનો વિરોધ નોંધાવ્યો હતો અને વેલ સુધી ધસી ગયા હતા. અંતે સંસદની કાર્યવાહીને ટાળવી પડી હતી. પીઆરએસ દ્વારા જાહેર કરાયેલા ડેટા મુજબ છેલ્લા ત્રણ દિવસમાં રાજ્યસભાની કાર્યવાહી માત્ર ૪.૪ કલાક જ ચાલી છે જ્યારે લોકસભાની કાર્યવાહી માત્ર ૫૪ મિનિટ જ ચાલી શકી છે. જેને પગલે બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત થતા રાજ્યસભામાં કુલ ૧૦ કરોડ રૂપિયાનું અને લોકસભામાં ૧૨.૮૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. એટલે કે બંને ગૃહમાં ત્રણ દિવસમાં મળીને કુલ ૨૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. સંસદની કાર્યવાહી સ્થગિત થવા મુદ્દે સત્તાપક્ષ અને વિપક્ષ બંને એકબીજા પર આરોપો લગાવી રહ્યા છે.

કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂએ કહ્યું હતું કે, તમામ મુદ્દાઓ પર એક સાથે ચર્ચા ના થઈ શકે, ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા સરકાર તૈયાર છે. સહકાર આપવાના બદલે વિપક્ષ હોબાળો કરી રહ્યું છે. જ્યારે કોંગ્રેસના સાંસદ રણદીપ સુરજેવાલાએ કહ્યું હતું કે, બિહારમાં ૫૨ લાખ મતદારોની બાદબાકી થઈ રહી છે, આ લોકશાહી ખતમ કરવા માટેનું કાવતરુ નથી? અમે માત્ર આ મુદ્દે સંસદમાં ચર્ચા કરવા માગીએ છીએ. પરંતુ સરકાર અમારી વાત સાંભળવા તૈયાર જ નથી.

### માન્ચેસ્ટર ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો

# રિષભ પંતના અંગૂઠામાં ફ્રેક્ચર થયું, ૬ અઠવાડિયા માટે બહાર

## પંત બેટિંગ કરી રહ્યો હતો ત્યારે તેણે ક્રિસ વોક્સ સામે રિવર્સ સ્વીપ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના જૂતા પર વાગ્યો

માન્ચેસ્ટર, તા.૨૪

માન્ચેસ્ટર ટેસ્ટ દરમિયાન ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. વિકેટકીપર-બેટ્સમેન રિષભ પંતના જમણા પગના અંગૂઠામાં ફ્રેક્ચર હોવાની પુષ્ટિ થઈ છે. ડોક્ટરોએ તેને ઓછામાં ઓછા ૬ અઠવાડિયા આરામ કરવાની સલાહ આપી છે. પંતની વાપસી અંગે હજુ પણ સસ્પેન્સ છે. માન્ચેસ્ટર ટેસ્ટના પહેલા દિવસે ઈજાગ્રસ્ત થયા બાદ તેને મેદાન છોડવું પડ્યું હતું. ભારતની ઈનિંગ્સની ૬૮મી ઓવરમાં જ્યારે પંત ૩૭ રન પર બેટિંગ કરી રહ્યો હતો, ત્યારે તેણે ઈંગ્લેન્ડના બોલર ક્રિસ વોક્સ સામે રિવર્સ સ્વીપ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના જૂતા પર વાગ્યો. બોલ તેના બેટની અંદરની ધારને વાગીને પગના અંગૂઠામાં વાગ્યો.

આ પછી, પંત જમીન પર સૂઈ ગયો અને પીડાથી કણસવા લાગ્યો. તેનો પગ પર સોજો આવી ગયો હતો અને લોહી વહેતું હતું. તે ચાલી શકતો નહોતો અને ફિઝિયોની મદદથી તેને મેડિકલ ટીમની કારમાં મેદાનની બહાર લઈ જવામાં આવ્યો હતો. BCCIના સૂત્રોએ જણાવ્યું હતું કે, સ્કેનમાં ફ્રેક્ચર જોવા મળ્યું છે. તે ૬ અઠવાડિયા સુધી રમી શકશે નહીં. મેડિકલ ટીમ જોઈ રહી છે કે શું તે પેઈનકિલર્સ લીધા પછી ફરીથી બેટિંગ કરી શકે છે, પરંતુ હાલમાં તે ચાલી પણ શકતો નથી, તેથી તેના ફરીથી રમવાની શક્યતા ખૂબ ઓછી છે.

આ દરમિયાન, પસંદગી સમિતિએ ઈશાન કિશનને અંતિમ ટેસ્ટ (૩૧ જુલાઈથી ૪ ઓગસ્ટ, ઓવલ) માટે ટીમમાં સામેલ કરવાનો નિર્ણય લીધો છે કારણ કે પંત હવે તે મેચમાં રમી શકશે નહીં. ભારત પહેલેથી જ ઈજાની સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે. ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી પહેલાથી જ બહાર છે અને ઝડપી બોલર આકાશ દીપ અને અર્શદીપ સિંહ પણ ઈજાના કારણે ચોથી ટેસ્ટ માટે ઉપલબ્ધ નથી.

### અક્ષય આમિરનો રેકોર્ડ તોડવાની તૈયારીમાં

# સૈયારા ફિલ્મે [redacted]લમાનની ‘સિકંદર’ને પ[redacted]છળ છોડી

## સૌથી મોટું ઓપનિંગ મેળવ્યા[redacted]ી હવે આ ફિલ્મે ૧૦૦ કરોડની કમાણીનો પડાવ [redacted] પાર કરી લીધો છે

મુંબઈ, તા.૨૪

મોહિત સુરીની રોમેન્ટિક ડ્રામા ફિલ્મ ‘સૈયારા’ બોક્સ ઓફિસ પર દરરોજ નવા રેકોર્ડ બનાવી રહી છે. અનીત પડ્ડા અને અહાન પાંડે છવાઈ ગયા છે. સૌથી મોટું ઓપનિંગ મેળવ્યા પછી હવે આ ફિલ્મે ૧૦૦ કરોડની કમાણીનો પડાવ પણ પાર કરી લીધો છે. આ ફિલ્મ બીજા અઠવાડિયે પણ સારી કમાણી કરી રહી છે. બીજા અઠવાડિયાના સોમવારે ‘સૈયારા’એ ૨૪ કરોડની કમાણી કરી અને મંગળવારે તેનાથી પણ આગળ વધીને ૨૫ કરોડની કમાણી કરી છે. જોકે, રવિવારની ૩૫.૭૫ [redacted]

### સરહદ પર ભારે ગોળીબાર

# ભારતની પાડોશમાં બે એશિયન દેશો વચ્ચે યુદ્ધ શરૂ

## થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ : ઘટના ત્યારે બની જ્યારે બંને દેશોના સૈનિકો વચ્ચે ગોળીબાર થયા

નવી દિલ્હી, તા.૨૪

ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ અને મ્યાનમારમાં ચાલી રહેલા ગૃહયુદ્ધ વચ્ચે બે વધુ એશિયન દેશોમાં તણાવ વધ્યો છે. આ દેશો થાઈલેન્ડ અને કંબોડિયા છે.

થાઈલેન્ડ અને કંબોડિયાની સરહદ પર બંને દેશોની સેનાઓ વચ્ચે અથડામણ થઈ છે. ગુરુવારે સરહદ પર બંને દેશોના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. થાઈ સેના અને કંબોડિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું છે કે આ અથડામણ પ્રસાત તા મુએન થોમ નજીક સરહદ પર થઈ હતી.

પ્રસાત તા મુએન થોમ થાઈલેન્ડના ઉત્તરપૂર્વીય સુરીન પ્રાંતમાં સ્થિત છે, જેના પર કંબોડિયા દાવો કરે છે. આવી સ્થિતિમાં આ વિસ્તાર બંને દેશો વચ્ચે વિવાદનો વિષય છે. આ અથડામણમાં ઓછામાં ઓછા બે સૈનિકો ઘાયલ થયા છે, જેના કારણે બંને પડોશીઓ વચ્ચે તણાવ વધુ વધ્યો છે. લેન્ડમાઈન વિસ્ફોટ બાદ થાઈલેન્ડે કંબોડિયાના રાજદૂતને હાંકી કાઢ્યા બાદ આ અથડામણ થઈ છે.

થાઈ સેનાએ કહ્યું કે કંબોડિયન સેનાએ પહેલા ગોળીબાર કર્યો જ્યારે એક ડ્રોન દેખાયો અને છ સશસ્ત્ર કંબોડિયન સૈનિકો થાઈ લશ્કરી ચોકી પાસે પહોંચ્યા. જવાબમાં કંબોડિયાએ રાજદ્વારી સંબંધોનું સ્તર ઘટાડ્યું અને બેંગકોકથી તેના રાજદ્વારીઓને પાછા બોલાવ્યા.

બંને દેશો વચ્ચે સરહદી ગતિરોધ મેના અંતમાં શરૂ થયો જ્યારે વિવાદિત વિસ્તારમાં ગોળીબારમાં એક કંબોડિયન સૈનિકનું મોત થયું. ત્યારથી તણાવ ચાલુ છે અને બંને પક્ષોએ સરહદ પર વધુ સૈનિકો તૈનાત કર્યા છે. વેપાર માટેના મહત્વપૂર્ણ માર્ગો પણ બંધ કરી દેવામાં આવ્યા છે.

બંને દેશો એકબીજા પર દોષારોપણ પણ કરી રહ્યા છે. થાઈ સેનાએ દાવો કર્યો હતો કે વિવાદિત મોઆન થોમ મંદિર નજીક સર્વેલન્સ ડ્રોન તૈનાત કર્યા પછી અને ભારે સશસ્ત્ર સૈનિકોને આ વિસ્તારમાં મોકલ્યા પછી કંબોડિયન સેનાએ ગોળીબાર કર્યો હતો. બીજી તરફ, કંબોડિયાના સંરક્ષણ મંત્રાલયે થાઈ સૈનિકો પર ઉશ્કેરણી વિના ઘૂસણખોરીનો આરોપ લગાવ્યો છે.

### મુંબઈમાં ચાલી રહી છે કાર્યવાહી

# ઉદ્યોગપતિ અનિલ અંબાણીની કંપનીઓ ઉપર EDના દરોડા

મુંબઈ, તા.૨૪

ઉદ્યોગપતિ અનિલ અંબાણીની કંપનીઓ પર ઈન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ (ઈડી) એ દરોડા પાડ્યા છે. આ દરોડા અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓ વિરુદ્ધ મની લોન્ડ્રિંગ કેસ સાથે જોડાયેલા મામલામાં મુંબઈમાં પાડવામાં આવ્યા છે.

ED ને તેની તપાસમાં પુરાવા મળ્યા છે કે આ જાહેર નાણાંની ઉચાપત કરવાનું એક સુનિયોજિત કાવતરું હતું. આમાં ઘણી સંસ્થાઓ, બેંકો, શેરધારકો અને રોકાણકારો છેતરાયા હતા. લાંચના એંગલની પણ તપાસ કરવામાં આવી રહી છે, જેમાં યસ બેંકના પ્રમોટરો પણ શંકાસ્પદ છે. ૨૦૧૭ થી ૨૦૧૯ દરમિયાન યસ બેંકમાંથી લેવામાં આવેલી લગભગ ૩,૦૦૦ કરોડ રૂપિયાની લોનમાં ગેરકાયદેસર હેરાફેરી અને દુરુપયોગની શંકા છે. અગાઉ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં અનિલ અંબાણીને છેતરપિંડી કરનાર જાહેર કર્યા હતા. આ મહિનાની શરૂઆતમાં, અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કોમ્યુનિકેશનના લોન ખાતાને SBI તરફથી મોટો ફટકો પડ્યો હતો. SBIએ ડિસેમ્બર ૨૦૨૩, માર્ચ ૨૦૨૪ અને સપ્ટેમ્બર ૨૦૨૪માં કંપનીને કારણદર્શક નોટિસ મોકલી હતી. કંપનીના જવાબની સમીક્ષા કર્યા પછી, બેંકે કહ્યું હતું કે અનિલ અંબાણીની કંપનીએ તેની લોનની શરતોનું પાલન કર્યું નથી અને તેના ખાતાઓના સંચાલનમાં થતી અનિયમિતતાઓ વિશે સંપૂર્ણ માહિતી આપી નથી.

# અમરેલી : બ્રહ્માકુમારીઝનાં દિવ્ય અનુભૂતિ ભવનના દિવ્યલોકમા ૯૦૦ વ્યાપારી, ઉધોગપતિઓએ સ્નેહમિલનમાં ભાગ લીધો



બ્રહ્માકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન અમરેલીના દિવ્યલોકમાં કાર્યક્રમમાં ૯૦૦ વ્યાપારી ઉદ્યોગપતિઓના સ્નેહમિલનમાં મુંબઈના ટીચર ટ્રેનર, મોટીવેશન સ્પીકર બ્ર.કુ.ડાં સ્વામીનાથનભાઈએ તનાવ મુક્ત રહી વ્યાપાર અને પરિવારની સંભાળ રાખવાની વિધિ સમજાવી અને મેડીટેશન કરાવી ઉમંગ ઉત્સાહ ભરી લીધેલ. કાર્યક્રમમાં પધારેલ મહેમાનોનું સ્વાગત અનોખી રીતે એટલે કે સાક્ષાત લક્ષ્મીજીએ તિલક લગાવેલ, ગણેશજીએ ગુણમાળા પહેરાવી અને સરસ્વતીજીએ વરદાનોથી શણગારી દીધા. આ સમયે અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાદીદીએ મોતી રૂપી શબ્દો દ્વારા બધાનું સ્વાગત કરેલ. કાળુભાઈ ભંડેરી, દિનેશભાઈ ભુવા, ચતુરભાઈ અકબરી, સંજયભાઈ વણજારા, કેતનભાઈ સોનીએ દિપપ્રાગટય કરેલ. આ પ્રસંગે ઈન્ટરનેશનલ સ્પીક બ્ર.કુ.ડાં સ્વામીનાથનભાઈ તથા બ્ર.કુ. ગીતાબહેનનું ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મોમેન્ટો તથા શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ. કાર્યક્રમનું સુંદર સંચાલન બ્ર.કુ. કિંજલદીદીએ કરેલ કાર્યક્રમની આભારવિધિ ભગીરથભાઈ ત્રિવેદી કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્ર.કુ. ચેતુભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. મિતાલીબેન, બ્ર.કુ. અર્ચનાબેને ભારે જહેમત ઉઠાવેલ તેમ ફિલ્ડર રિપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

### પિયાવાનાં જાગૃત નાગરિકે પ્રધાનમંત્રીને પત્ર પાઠવ્યો

## દેશમાં વાણિજય ક્ષેત્રમાં થતા નાણાકીય છેતરપિંડી રોકવા હાલનાં કાયદાની સમીક્ષા કરવા માંગ

### બેન્કનાં નાણા ડુબાડનારનાં તમામ ડોકયુમેન્ટ જપ્ત કરો

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા તાલુકાના પિયાવા ગામના ચિરાગભાઈ હીરાપરાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને એક પત્ર ધ્વારા દેશમાં બની રહેલા નાણકીય છેતરપિંડી રોકવા આ કાયદાની સમીક્ષા કરી યોગ્ય ફેરફારો કરવામાં રજુઆત કરી છે. તેમણે તેના પત્રમાં જણાવ્યું છે કે દેશનું વાણિજય ક્ષેત્ર હાલ હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે આ ક્ષેત્રામાં પેઢી કે ઉધોગગૃહોને નાણાકીય છેતરપિંડીનો ભોગ બનાવનાર જેટગતિએ કામ કરી રહ્યા છે. જેના કારણે અનેક પેઢી ઉદ્યોગગૃહોનું પતન થઈરહ્યું છે. ત્યારે હાલ દેશમાં છેતરપિંડી ભોગ બનનાર પેઢી ઉદ્યોગગૃહના માલિકોને ડુબેલ નાણા પરત મેળવવા માટે કાયદાકીય કાર્યવાહીમાં કાયદો ગોકળગતીએ કામ કરી રહ્યો છે. જેથી ભોગ બનનારપેઢી કે ઉદ્યોગગૃહોના માલિકોને નાણાં પરત મેળવવા વર્ષો




વીતી જાય અથવા તો ઠામુકા નાણા ડુબે છે. પેઢી ઉદ્યોગગૃહો ઊભા કરવા માટે તેના માલિકો ધ્વારા મુળ મુડી બેંક લોન ખાનગી લોન કે પોતાની બચત રોકી શરૂ કરેલ મુડીનું ધોવાણ થવાથી અથવા વર્ષો સુધી નાણાં પરત ન મળવાથી પેઢી ઉદ્યોગ બંધ કરવાનો વારો આવી રહ્યો છે. જેના કારણે માલિકો પાયમાલ થઈ રોડ પર આવી જાય છે અને જીવન ટુંકાવા જેવા બનાવો પણ બને છે. આમ પેઢી ઉદ્યોગગૃહના માલિકના નુકસાનની સાથે દેશનો ઔદ્યોગિક વિકાસ પણ અટકે છે અને દેશને ટેકસની થતી આવક પણ બંધ થાય છે. હાલના કાયદાઓ પર સમીક્ષા કરી ભોગ બનનાર પેઢી ઉદ્યોગગૃહના માલિકોને માસ બે જેવી ટુંકા ગાળાની કાયદાકીય પ્રક્રિયાઓમાં ન્યાયીક ચુકાદાઓ ઝડપી આવે અને છેતરપિંડી કરનાર વ્યકિત પેઢી ઉદ્યોગકારના માલિક પર ફરિયાદની સાથે કાયદાકીય પ્રક્રિયા દરમિયાન વ્યકિત પેઢી કે ઉદ્યોગના જરૂરી પુરાવાઓ, પાનકાર્ડ, પાસપોર્ટ, મિલકતના દસ્તાવેજ જપ્ત કરે અને બેન્ક એકાઉન્ટ જીએસટી નંબર ચુકાદો આવ્યાથી ભોગ બનનારના નાણા પરતના કર્યા સુધી સીઝ રાખે વગેરે જેવા જરૂરી યોગ્ય ફેરફારો કરવા પિયાવાના જાગૃત નાગરિક ચિરાગ હિરાપરાએ. વડાપ્રધાન લેખિત રજુઆત કરેલી છે.

### પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતો હોય

## બાબરા સહિત સમગ્ર પંથકમાં શિવાલયમાં હરહર મહાદેવનો નાદ ગુંજી ઉઠશે

### મોટી સંખ્યામાં શિવભક્તો શિવ મંદિરોમાં ઉમટશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરામાં આજથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે અહીંના શિવ મંદિરમાં સ્થાનિક મહંત તેમજ પૂજારી દ્વારા દર્શનાર્થે આવતા ભાવિકો સુચારૂ રીતે દર્શન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ મંદિર માં રોશનીથી શણગાર કરવામાં આવ્યો છે.

અહીં બાબરામાં આવેલ શ્રી નીલકંઠ મહાદેવ પંચકુંડ, ગરણી મુકામ આવેલ શ્રી ગણેશ્વર મહાદેવ અને ખંભાળા મુકામે આવેલ શ્રી અર્જુનેશ્વર મહાદેવ મંદિર તેમજ લાલકા મુકામે આવેલ શ્રી ગંગનાથ મહાદેવ સહિતના શિવ મંદિરમાં ભાવિક ભકોજનો ની ભારે ભીડ જોવા મળશે દૂધ બિલ્વપત્ર, જળ સહિત ના વિવિધ દવ્યો વડે મહાદેવ નો અભિસેક કરી મહાદેવ ને રીજવી આશીર્વાદ પ્રાપ્ત કરશે તેમજ બ્રાહ્મચોરાસી મહાપ્રસાદ દીપમાળા મહાપૂજા મહાઆરતી સહિત ધૂન ભજન સહિત ના કાર્યક્રમ યોજાશે

પાના ૮ ઉપરનું ચાલું **દહિથરા–કાચરડી માર્ગ ઉપર**

પોપટભાઈ રાનાણી સહિત ૬ આરોપીએ ત્યાં આવી શુ દોઢીનો થાય છો ? તેમ કહી ગાળો આપી, ધમકી આપી જે.સી.બી.ના મશીનના ડ્રાઈવર ચેતનભાઈને ગાળો આપી, મશીન બંધ કરી દેવાની ધમકી આપી અને આરોપીએ કારમાંથી લાકડી લઈને આવી યુવકના હાથમાં રહેલ મોબાઈલ ફોન તથા મોટર સાયકલની ચાવી આંચકો મારી લુંટી લઈ ગયેલ હતાં. આ યુવક અને વિજયભાઈ લાભુભાઈ ખટાણાને લાકડી વડે પગના ભાગે લાકડીના ઘા મારી અને દહિથરા ગામની આજુબાજુમા જે.સી.બી. મશીન ચલાવવા આવ્યો તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું **જાફરાબાદનાં જાહેર માર્ગ ઉપર**

શહેરમાં અવારનવાર બકાલા માર્કેટ હોય કે મચ્છી માર્કેટ કે પછી ભરચક્ક વિસ્તાર એટલે બાજારમા અને મુખ્ય માર્ગો ઉપર આખલા અવારનવાર યુધ્ધે ચડતાં હોય છે માર્ગો ઉપર પશુઓના અડિંગાના કારણે વાહનચાલકો પરેશાની વેઠવી રહ્યા છે. શહેરમાં જાહેર રસ્તા ઓ પર પશુઓના અડિંગાથી રાહદારીઓને અવરજવર કરવામાં ભારે હાડમારી વેઠવી પડે છે. પશુઓના અડિંગો રસ્તા ઉપર હોવાથી વાહનચાલકોને અવર જવર કરવામાં પણ અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. શહેરમાં જયારે આખલા યુધ્ધ સર્જાય ત્યારે પસાર થતા રાહદારીઓના ।સ અધ્ધર થઈ જાય છે. આખલા યુધ્ધે ચઢ ત્યારે લોકો પણ અડફેટે ચડી ગયા હોવાના પણ બનાવો બન્યા છે. જાહેર રોડ રસ્તાઓ બજારોમાં તથા માર્કેટમાં રોડ રસ્તાઓ ઉપર પશુઓ બેસતા હોવાથી અકસ્માતો પણ સર્જાયા છે. અકસ્માતે ઘણાખરા લોકો એ પોતાના અનમોલ જીવ ગુમાવ્યા છે. તથા સારવાર લેવાની ફરજપડી છે. અને અમુક લોકોએ પોતાના હાથ પાડું પણ ભાગ્યા છે. શહેરમાં મોટાભાગના જાહેર રસ્તાઓ પર પશુઓનો ત્રાસ પ્રતિદિન વધી રહ્યો છે. જવાબદાર તંત્રની ઘોર બેદરકારીના કારણે માર્ગો પર પસાર થતા મહિલાઓ વૃદ્ધો શાળાએ જતા નાના ભૂલકાંઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે આખલા યુધ્ધ સર્જાય ત્યારે આસપાસ દુકાનદારો લારીધારોકો પાર્ક કરેલા વાહનોને મોટાપાયે નુકસાન થઈ રહ્યું છે. પરંતુ જવાબદાર તંત્ર કરી રહ્યા છે. આંખ આડા કાન શું આ બાબતે પાલિકા તંત્ર ગુજરાત મ્યુનિસિપાલિટીઝ એક્ટ વીથ રૂલ્સ અન્ડ નોટીફિકેશન્સમાં ઢોર પુરવાના ડબ્બા સ્થાપવાની અને ડબ્બા વાળાઓને નીમવાની સત્તા અનેક જોગવાઈઓ આ કાયદામાં પાલિકાંની સત્તા હોવા છતાં પણ કાયદાઓ મુજબ કામગીરી કરવામાં આવતી નથી જવાબદાર તંત્ર પશુઓને ડબ્બે પુરી તેમના નિભાવ માટે બેદરકાર બન્યું છે. જેના કારણે લોકોને ભારે હાડમારી વેઠવી પડે છે. જિલ્લાના ગ્રામ્ય પંથકમાં ગૌચરની જમીન પર પેશકદમી થઈ છે. જેથી પશુઓનું પણ શહેરીકરણ વધ્યું છે. નગરપાલિકા ના સત્તાધીશો સત્વરે ધ્યાન આપી લોકોને ભયમુકત બનાવે તેવી માંગ ઉઠી આ બકાલા માર્કેટમાં બનાવ બનતા સ્થાનિકોમાં ભય વ્યાપી ગયો હતો પરંતુ કુંભકર્ણ નિંદ્રામાં સુતેલું તંત્રકયારે જાગશે ? એવો સવાલ લોકોમાં ઉઠવા પામ્યો છે. જાફરાબાદ શહેરમાં રખડતાં પશુઓનો આતંક સામાન્ય બની ગયો છે. શહેરના રસ્તા પર રખડતાં ઢોરના લીધે અકસ્માતના બનાવો વધ્યા છે. તો શહેરના માર્ગો પર ખાસ કરીને આખલા યુધ્ધ વારંવાર સર્જાય છે. જેમા નિદોર્ષ જનતા ભોગ બને છે. આખલા યુધ્ધને લઈને આ માર્ગે ઉપર પસાર થતા વાહનચાલકો પણ ભયમાં મુકયા હતા નગરપાલિકાના સત્તાધીશો આ અંગે સત્વરે ધ્યાન આપી ભયમૂક બનાવે એવી નગરજનોમાં માંગણી ઉઠી રહી છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૬ | ૧૦૫૬ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૮૫૨ | ૮૫૨ |
| ૩ | શિંગ મોટી | ૮૫૧ | ૧૧૬૭ |
| ૪ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૨૬૦ | ૧૪૪૬ |
| ૬ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૮૦ |
| ૭ | તલ કાળા | ૨૦૦૦ | ૪૦૦૧ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૬૮૦ | ૨૧૨૫ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૫૪૬ |
| ૧૦ | જુવાર | ૫૩૦ | ૮૧૧ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૪૩ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૦૪ | ૫૩૭ |
| ૧૩ | મગ | ૧૦૧૦ | ૧૫૯૩ |
| ૧૪ | અડદ | ૯૦૦ | ૯૯૦ |
| ૧૫ | ચણા | ૧૦૨૫ | ૧૨૧૨ |
| ૧૬ | સફેદ ચણા | ૧૧૭૦ | ૧૧૮૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૧૮ | તુવેર | ૭૨૫ | ૧૨૮૧ |
| ૧૯ | કપાસ | ૭૬૭ | ૧૭૦૦ |
| ૨૦ | એરંડા | ૧૨૧૦ | ૧૨૮૫ |
| ૨૧ | જીરૂ | ૩૩૯૦ | ૩૪૦૦ |
| ૨૨ | ધાણા | ૭૦૦ | ૧૪૭૫ |
| ૨૩ | અજમા | ૯૦૦ | ૧૫૨૦ |
| ૨૪ | મેથી | ૮૨૫ | ૯૨૦ |
| ૨૫ | સોયાબીન | ૭૦૦ | ૮૧૬ |
| ૨૬ | કાંગ | ૩૫૧ | ૫૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૮૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૫૧ | ૧૯૦૦ |
| ૩ | કપાસ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૪ | બાજરો | ૩૬૭ | ૫૪૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૮૧ |
| ૬ | જુવાર | ૪૫૦ | ૮૭૦ |
| ૭ | મગ | ૧૩૦૧ | ૧૫૦૧ |
| ૮ | ચણા | ૧૧૦૧ | ૧૨૦૧ |
| ૯ | સોયાબીન | ૭૩૦ | ૮૧૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૬૦ | ૧૦૮૭ |
| ૨ | શીંગ દાણા | ૧૩૦૦ | – |
| ૩ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૦૧ |
| ૪ | તલ કાળા | ૩૪૫૦ | ૩૯૧૨ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૩૬૬૧ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૬૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૧૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૪૦ |
| ૯ | બાજરો | ૩૩૦ | ૫૦૫ |
| ૧૦ | જુવાર | ૬૫૦ | ૭૯૫ |
| ૧૧ | મગ | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ૧૨ | ચણા | ૧૦૮૦ | ૧૨૨૪ |
| ૧૩ | તુવેર | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ૧૪ | મેથી | ૬૦૦ | ૮૦૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૬૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૬૦ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૧૦૧૦ | ૧૧૦૦ |
| ૪ | જીરૂ | ૨૬૫૫ | ૩૭૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૪૦ | ૧૭૨૦ |
| ૬ | તલ કાળા | ૨૫૭૦ | ૩૮૨૦ |
| ૭ | ઘઉં | ૪૪૦ | ૫૨૦ |
| ૮ | ચણા | ૧૦૧૯ | ૧૧૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૯૦ | ૪૯૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૩૫ | ૫૩૧ |
| ૪ | ચણા | ૧૦૨૦ | ૧૧૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૫૫ | ૧૮૬૫ |
| ૬ | સોયાબીન | ૭૬૦ | ૮૦૪ |
| ૭ | શીંગફાડા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૮ | ધાણા | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૯ | ચોળી | ૯૩૫ | ૯૩૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૮૦ | ૧૩૮૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૬૦૦ |
| ૧૨ | તુવેર | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ૧૩ | મગફળી | ૮૩૫ | ૮૮૦ |
| ૧૪ | મેથી | ૭૨૫ | ૭૨૫ |
| ૧૫ | બાજરો | ૪૭૫ | ૪૭૫ |

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૧૫૬/૨૦૨૫

**અરજદારશ્રી** ૧) **શ્રી કાતરીયા ઈલેશભાઈ લાલજીભાઈ** તા.૧૯/૦૭/૨૦૨૫
રહે. મુ. ધાંણલા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.

**એડવોકેટ : ભગીરથભાઈ એ. બસીયા, રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩૮૨૫૧૨**

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી ગાધકડા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી કાતરીયા ઈલેશભાઈ લાલજીભાઈના પુત્ર **ઋષભ ઈલેશભાઈનો જન્મ તા. ૨૪/૦૮/૨૦૦૯ના રોજ મુ.ગાધકડા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગાળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૧૯/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ સાવરકુંડલા**

## જાહેર નોટિસ

આથી લાગતા વળગતા તમામ તેમજ જાહેર જનતાને જણાવવાનું કે અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ખુદ રાજુલા શહેરનાં ગામતળમાં જવાહર રોડ ઉપર, રામ કોમ્પ્લેક્ષ વાળી ગલ્લીમાં આવેલ સીટી સર્વે નંબર **૨૩૪૧** પૈકી **૮૨.૦૦** ચો.મી.વાળી મિલ્કત (મકાન) કે જે હાલ દીનાબેન ભકિતપ્રસાદ વ્યાસ, રહે. રાજુલાની સ્વતંત્ર માલીકી અને કબ્જા ભોગવટાવાળી, બોજા વગરની અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક–હિત વગરની તદ્દન ટાઈટલ કિલયર હોવાનું જણાવી અમોને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તો સદરહું મકાન ઉપર જો અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય, તો તેઓએ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૦૭ (સાત) માં અમોને તે બદલનાં પુરાવા સહિત લેખિત જાણ રજી.એડી.થી નીચેના સરનામે કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહું મિલ્કત (મકાન) ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક,હિત,હિસ્સો, દાવો કે બોજા નથી અને હોય તો તે જતો કરેલો છે, ટાઈટલ્સ કલીયર છે. તેમ સમજી અમારા દ્વારા સદરહું મિલ્કત (મકાન) ખરીદી અંગેની કાર્યવાહી કરવામાં આવશે. અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા કે તકરાર માન્ય રહેશે નહિ.

**તારીખ : ૨૪/૦૭/૨૦૨૫** **લી.સૈદાબેન નાસીરઅલી મુની**

**સરનામું : C/o. રઝા ટ્રેડીંગ, વિશ્વાસ હોટલ નીચે, એસ.ટી.બસસ્ટેન્ડ રોડ, રાજુલા,તા.રાજુલા,જિ.અમરેલી–પીન,કોડ–૩૬૫૫૬૦,ફોન નં.:૮૧૪૦૭૫૭૯૪૬, ૯૪૨૮૭૯૮૩૮૭**

## શ્રી સરાકડીયા (દિવાન) પ્રાથમિક શાળા

**મુ. સરાકડીયા દિવાન, તા. ખાંભા, જી. અમરેલી**

### જાહેર હરરાજી

જિલ્લા શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત શ્રી સરાકડીયા દિવાન પ્રા. શાળા, તા. ખાંભા, જી. અમરેલીનાં રૂમ–૨ જેમાં એક સ્લેબવાળો તથા એક નળીયાવાળા જર્જરીત રૂમ પાડી જગ્યા ચોખ્ખી કરી આપવાની શરતે જાહેર હરરાજી તા. ૦૫/૦૮/૨૦૨૫ ને મંગળવાર, સવારે ૧૧ : ૦૦ કલાકે શ્રી સરાકડીયા દિવાન પ્રાથમિક શાળા ખાતે રાખવામાં આવેલ છે.

તો રસ ધરાવનાર વ્યકિતઓએ હરરાજી પેટે ડિપોઝીટ રકમ રૂા. ૨૦૦૦/– અંકે રૂપિયા બે હજાર પુરા એક કલાક અગાઉ રોકડા જમા કરાવવાનાં રહેશે.

ડિપોઝિટ ભરેલ વ્યકિત જ હરરાજીમાં ભાગ લઈ શકશે.

અન્ય બોલીઓ અને શરતો સ્થળ ઉપર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

નોંધ : – ઈમલાની અપસેટ કિંમત રૂા. ૮૦૦૦/– (આઠ હજાર પુરા)

અધ્યક્ષશ્રી
શાળા વ્યવસ્થાપન સમિતિ
સરાકડીયા દિવાન
તા. ખાંભા, જી. અમરેલી

આચાર્યશ્રી
શાળા વ્યવસ્થાપન સમિતિ
સરાકડીયા દિવાન
તા. ખાંભા, જી. અમરેલી

## અમરેલી નાગરિક સહકારી બેંક લી.

**રજી. ઓફિસ અને હેડ ઓફિસ : નાગરિક ભવન, કેરીયા રોડ, અમરેલી.–૩૬૫૬૦૧, ફોન : ૦૨૭૯૨–૨૨૨૦૦૦**

### કબજા નોટિસ
**(સ્થાવર મીલ્કત માટે)**

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી અમરેલી નાગરિક સહકારી બેન્ક લી.એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **ભાવેશભાઈ હર્ષદભાઈ અધ્યારૂ** અને **મિતલબેન ભાવેશભાઈ અધ્યારૂ ને** તા. ૨૫/૦૮/૨૦૨૩ ના રોજ રજી.એડી.પોસ્ટ દ્વારા આપેલ નોટિસમાં બેન્કની બાકી લેણી પડતી રકમ **રૂા.૧૮,૫૫,૩૫૦=૦૦ (અંકે રૂપિયા અઢાર લાખ, પંચાવન હજાર, ત્રણસો પચાસ પુરા)** + તા.૦૧/૦૮/૨૦૨૩ થી ચડત બાકી વ્યાજ નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરી આપવા જણાવેલ.

ઉપરોકત કરજદાર નોટિસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ **તા. ૦૬/૦૬/૨૦૨૫** નાં રોજ કરેલ હુકમ અન્વયે માનનીય કોર્ટ કમિશનરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો **તા. ૧૯/૦૭/૨૦૨૫** નાં રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહીં, તેમ છતાં જો કરવામાં આવશે તો તે અમરેલી નાગરિક સહકારી બેન્ક લિ.,ની **તા.૩૦/૦૬/૨૦૨૫** નાં રોજની બાકી લેણી રકમ **રૂા. ૨૨,૧૭,૧૦૧=૦૦ (અંકે રૂપિયા બાવીસ લાખ, સતર હજાર, એકસો એક પૂરા)** + તા.૦૧/૦૭/૨૦૨૫ થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

**કબ્જે લીધેલ મિલ્કતની વિગત**

અમરેલી ગામે સુધરાઈ હદમાં હનુમાનપરા રોડ રાસ્તે આવેલ રે.સ.નં. –૨૭૬, પૈકીની જમીનમાં આવેલ જડેશ્વર નગરના પ્લોટ નં.–૭૩ પૈકીનું ક્ષેત્રફળ ૪૦–૦૦ ચો.મી. તથા ૭૪ પૈકીનું ક્ષેત્રફળ ૪૦–૦૦ ચો.મી. જમીનમાં આવેલ રહેણાંક મકાન જેનું કુલ ક્ષેત્રફળ ૮૦–૦૦ ચો.મી. છે. જે હૈયાત ઈમલા સહ. જેની ચર્તુદીશા નીચે મુજબ છે.

**મિલ્કતની ચતુર્દીશા :– (દસ્તાવેજ મુજબ)**

ઉત્તરે :– પ્લોટ નં.–૭૪ પૈકીની બાકી રહેતી જમીન આવેલ છે.
દક્ષિણે :– પ્લોટ નં.–૭૩ પૈકીની દિલીપભાઈ ખોડાભાઈ જાવીયાની જમીન આવેલ છે.
પૂર્વે :– પ્લોટ નં.– ૬૪, ૬૫ ની જમીન આવેલ છે.
પશ્ચિમે :– ૬–૦૦ મી. પહોળાઈનો રસ્તો આવેલ છે.

તા :– ૨૪/૦૭/૨૦૨૫
અમરેલી

**અધિકૃત અધિકારી**
**અમરેલી નાગરિક સહકારી બેંક લી.,**
**હેડ ઓફિસ, રિકવરી વિભાગ**

## ખેડૂતોનાં મસીહા અને પૂર્વ મુખ્યમંત્રીનાં જન્મદિન નિમિત્તે

# ચમારડી ખાતે સ્વ. કેશુભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરાઈ

**સમસ્ત ગામજનોએ એકત્ર થઈને સ્વ. કેશુભાઈ પટેલને જન્મદિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી**

**સ્વ. કેશુભાઈ પટેલનો નર્મદાનાં નીરને કેવડિયાથી કચ્છ સુધી પહોંચાડવામાં સિંહફાળો હોય યાદ કર્યા**

**ગામનાં પાદરમાં આવેલ સ્વ. કેશુભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ**

**ગામનાં પાદરમાં આવેલ મહાત્મા ગાંધી, ડો. બાબાસાહેબ, શહીદ ભગતસિંહ સહિતનાં મહાનુભાવોનો જય જયકાર પણ કરાયો**



અમરેલી, તા. ૨૪

બાબરાનાં ચમારડી ગામે આજે ચમારડીનાં વતની અને સુરત સ્થિત ભામાશા ગોપાલભાઈ વસ્તરપરાની આગેવાનીમાં રાજયનાં પૂર્વ મુખ્યમંત્રી અને ખેડૂતોનાં મસીહા ગણાતા સ્વ. કેશુભાઈ પટેલની જન્મ જયંતીએ તેઓની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને તેઓએ કરેલ જનહિતનાં કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા.

ગોપાલભાઈ વસ્તરપરાએ પુષ્પાંજલિ અર્પણ કરતાં જણાવેલ કે નર્મદાનાં નીરને કેવડિયાથી કચ્છ સુધી પહોંચાડીને ગુજરાતનાં ખેડૂતોને પડતી સિંચાઈનાં પાણીની અને મહિલાઓને પડતી પીવાનાં પાણીની સમસ્યા દુર કરી હતી.

વધુમાં જણાવ્યું કે, ખેડૂતોનાં હિતમાં ટ્રેકટરને ગાડાનો દરજજો આપેલ અને વેપારીઓને ઓકટ્રોયની સમસ્યાથી મુકત કરીને ઐતિહાસિક કાર્ય કરેલ હોય ચમારડીનાં સમસ્ત ગ્રામજનોએ સ્વ. કેશુભાઈ પટેલને કાર્યોને યાદ કરીને પુષ્પાંજલિ અર્પણ કરેલ છે.

આ તકે ચમારડીનાં પાદરમાં રહેલ મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ડો. બાબાસાહેબ, વીર માંધાતાસિંહ, સ્વામી વિવેકાનંદ, વીર ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ સહિતનાં મહાનુભાવોને પણ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## અજાણ્યા આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

# સાવરકુંડલાનાં શિક્ષક સાથે મુંદ્રા યોજનામાં લોન અપાવવાની લાલચ આપી ૧૦ લાખની છેતરપીંડી

**ફોન-પે અને ગુગલ-પે મારફત નાણા પડાવી લીધા**

અમરેલી, તા. ૨૪

સાવરકુંડલા ગામે આવેલ હાથસણી રોડ ઉપર આવેલ શિવશકિત સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક અશોકભાઈ દયાશંકરભાઈ મહેતાને કોઈ અજાણ્યા આરોપીએ બનાવટપુર્વક પોતે પ્રધાનમંત્રી મુદ્રા યોજનામાં લોન વિભાગમાં નોકરી કરતા હોવાની પોતાની ખોટી ઓળખ આપી મુદ્રા યોજનામાં લોન આપવાની લાલચ આપી મોબાઈલ નં. ૯૧૩૫૧ ૨૪૩૬૮ ઉપરથી અવાર-નવાર ફોન કરી આરોપીએ તેના વોટ્સએપ નં. ૯૯૦૩૪ ૬૮૫૬૯માં નિવૃત્ત શિક્ષકના જરૂરી ડોકયુમેન્ટોનો ફોટો મંગાવી આરોપીએ નિવૃત્ત શિક્ષક પાસેથી ગત તા. ૨૯થી તા. ૧૨ દરમિયાન અલગ અલગ તારીખે ફોન પે તથા ગુગલ પે દ્વારા જુદી-જુદી રકમના ટ્રાન્ઝેકશન કરાવડાવી કુલ રકમ રૂા. ૧૦,૧૫,૦૯૩ની ઠગાઈ કર્યાની નિવૃત્ત શિક્ષકે અજાણ્યા આરોપી સામે ફરિયાદ નોંધાવી છે.

## શું દોટીનો થાય છે તેમ કહીને

# દહિથરા-કાચરડી માર્ગ ઉપર જેસીબી ચાલક સહિત 3 વ્યકિત ઉપર હુમલો

**સ્થાનિક પોલીસે ૬ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધી**

અમરેલી, તા. ૨૪

લાઠી તાલુકાના કાંચરડી ગામે રહેતા જે.સી.બી. તથા ટ્રેકટરની મજુરીકામથી કામ કરતાં ધાર્મિકભાઈ ભીખુભાઈ ચાવડા નામના ૨૧ વર્ષિય યુવક ગત તા. ૨૩ના સવારના આશરે સાડા આઠેક વાગ્યે પોતાનું જે.સી.બી. મશીન લઈ અને દહિથરા-કાંચરડી રોડ ઉપર આવેલ પી.જી.વી.સી.એલ. ૬૬ કે.વી.ની બાજુમાં સોલાર પ્લાન્ટની જગ્યાએ ગટર (સર) ગાળવાના કામે ગયેલ હતાં. ત્યારે લાઠી તાલુકાના દહિથરા ગામે રહેતા આરોપી ઘોહાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

## વાહન ચાલકોમાં નારાજગીનો માહોલ

# વડિયાથી બાંટવા દેવળી વચ્ચેનો માર્ગ છેલ્લા ૪ વર્ષથી બિસ્માર

**માર્ગ-મકાન-વિભાગ યોગ્ય કરે તેવી માંગ**



તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ-વડિયા

વડિયા, તા. ૨૪

વડિયા થી ગોંડલ, રાજકોટ જવા માટેનો મુખ્ય માર્ગ વડિયાથી બાટવા દેવળી ગામ સુધી અતિ બિસ્માર હાલતમાં છેલ્લા ત્રણ ચાર વર્ષથી છે. આ રોડના નિર્માણ માટે અનેક વખત રજુઆતો કરવામાં આવી પરંતુ આ રોડ બનવાનું મુર્હૂત નીકળતું નથી. વડિયાથી ગોંડલ, રાજકોટ જવા માટેનો મુખ્ય રોડ હોવાથી અનેક અહીંથી રોજિંદા પસાર થાય છે. અને ભારે હાલાકી ભોગવે છે.

વડિયા મામલતદાર ઓફિસે તાલુકાનો સ્વાગત કાર્યક્રમ જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો ત્યારે વડિયા ગ્રામ પંચાયતના સદસ્ય અને જુનેદ ડોડીયાએ આ પ્રશ્ન સ્વાગતમાં મુકતા કલેકટરની હાજરીમાં જવાબદાર તંત્રએ એવો જવાબ આપ્યો કે આ રોડ બનાવવા માટે ત્રણ વાર પ્રયત્ન કર્યા પરંતુ કોઈ એજન્સી આવવા જ તૈયાર નથી.

જાહેર ઋણ સ્વીકાર



સ્વ. પ્રકાશભાઈ જયસુખભાઈ પોકીયા

સવંત ૨૦૮૧ અષાઢ વદ ૧ ને શુક્રવાર, સ્વ.તા.૧૧-૦૭-૨૦૨૫, મુ. બાબરા

અમારા પરિવારના પ્રિય પ્રકાશ પોકીયાનાં દુઃખદ નિધન અવસરે તેમજ તેમના અકસ્માતની ઘડીએ અમોને હોસ્પિટલમાં સાથ સહકાર તેમજ વર્તમાનપત્રમાં શ્રધ્ધાંજલિ રૂપે, રૂબરૂ, પત્રથી, ટેલિફોનિક, સધિયારો પુરો પાડનાર અમારા સૌ પરિવારજનો, સગા-સબંધીઓ, મિત્રો તેમજ ગામના દરેક લોકો પ્રત્યક્ષ રીતે અમોને દુઃખની ક્ષણોમાં સાથ અને સાંત્વના આપી સતત અમારી સાથે રહ્યા તે બદલ અમો આપ તમામના ઋણી રહ્યા છીએ એ બદલ જાહેર ઋણ સ્વીકાર કરીએ છીએ...

ઈશ્વર પ્રકાશના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....

આપના આભારી

જયસુખભાઈ ભગવાનભાઈ પોકીયા
જીગ્નેશભાઈ જે. પોકીયા
દીપેનભાઈ ડી. પોકીયા
દિનેશભાઈ ભગવાનભાઈ પોકીયા
કુશ પ્રકાશભાઈ પોકીયા
હાર્દિકભાઈ ડી. પોકીયા

પોકીયા એગ્રો સેન્ટર
બસ સ્ટેન્ડ સામે - બાબરા
મુ. બાબરા, તા.બાબરા, જિ. અમરેલી.




૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
90,200/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૪/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)